RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 15* Date: 04.11.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર

**■ બે તબક્કામાં મતદાન યોજાશે,પ્રથમ તબક્કાનું ૧ અને બીજાનું ૨ ડિસેમ્બરે**

**■ એક મતદાર માટે ૧૫ લોકોની ટીમ ફાળવાશે, ફેકન્યૂઝ પર નજર રાખવા દરેક જિલ્લામાં સોશિયલ મીડિયા ટીમ બનશે**




નવીદિલ્હી,તા.૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની આજે તારીખ જાહેર થઇ ગઇ છે. કેન્દ્રીય ચૂંટણી પંચે આજે પ્રેસ કોન્ફરન્સ યોજીને તારીખની જાહેરાત કરી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાશે,. પહેલા તબક્કાની ચૂંટણી માટે ૧ ડિસેમ્બરે મતદાન યોજાશે જયારે બીજા તબક્કા માટે ૫ ડિસેમ્બરે મતદાન યોજાશે. તો ૮ ડિસેમ્બરે મતગણતરી હાથ ધરાશે,

પ્રથમ તબક્કા માટે પાંચ નવેમ્બરે નોટિફિકેશન જાહેર થશે. પ્રથમ તબક્કા માટે ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૧૪ નવેમ્બર છે. પ્રથમ તબક્કામાં ફોર્મની ચકાસણી ૧૫ નવેમ્બરે થશે. ૧૭ નવેમ્બર સુધીમાં પ્રથમ તબક્કાના ઉમેદવારો ફોર્મ પરત ખેંચી શકશે. પ્રથમ તબક્કાનું મતદાન ૧ ડિસેમ્બરના રોજ યોજાશે. બીજા તબક્કા માટે ૧૦ નવેમ્બરના રોજ નોટિફિકેશન જાહેર કરવામાં આવશે. બીજા તબક્કા માટે ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૧૭ નવેમ્બર છે. બીજા તબક્કા માટે ફોર્મ ચકાસણી ૧૮ નવેમ્બરે કરવામાં આવશે. બીજા તબક્કામાં ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ ૨૧ નવેમ્બર છે. બીજા તબક્કા માટે ૯૩ બેઠકો પર પાંચ ડિસેમ્બરના રોજ મતદાન યોજાશે. મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં બીજા તબક્કાનું મતદાન થશે.

પ્રથમ તબક્કામાં કચ્છ, ભાવનગર, સુરેન્દ્રનગર, બોટાદ, મોરબી, નર્મદા, રાજકોટ, ભરૂચ, જામનગર, સુરત દ્વારકા તાપી પોરબંદર ડાંગ જુનાગઢ નવસારી ગીરસોમનાથ વલસાડ અને અમરેલીમાં ૧ ડિસેમ્બરે મતદાન મતદાન યોજાશે જયારે બીજા તબક્કામાં બનાસકાંઠ, આણંદ, પાટણ, ખેડા, મહેસાણા,

મહીસાગર, સાબરકાંઠા પંચમહાલ અરવલ્લી દાહોદ ગાંધીનગર વડોદરા અમદાવાદ અને છોટાઉદેપુરમાં પાંચ ડિસેમ્બરે મતદાન થશે

કેન્દ્રિય ચૂંટણી પંચે મોરબી પુલ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. કેન્દ્રિય ચૂંટણી પંચે કહ્યું હતું કે ગુજરાત વિધાનસભાનો કાર્યકાળ ૧૮ ફેબ્યુઆરી ૨૦૨૩ના રોજ પૂર્ણ થઇ રહ્યો છે. ગુજરાતમાં ૪.૯ કરોડ મતદાતાઓ છે. ૪.૬ લાખ મતદાતાઓ પ્રથમવાર મતદાન કરશે. રાજ્યમાં ૫૧,૭૮૨ મતદાન કેન્દ્ર બનાવવામાં આવશે. તમામ પોલિંગ બુથ ગ્રાઉન્ડ ફ્લોર પર હશે. ૯.૮૭ લાખ મતદાતાઓ ૮૦ વર્ષની ઉપરના છે. ૧૨૭૪ મતદાન કેન્દ્રો પર ફક્ત મહિલા કર્મચારીઓ તૈનાત રહેશે.

કેન્દ્રિય ચૂંટણી પંચે કહ્યું કે ૫૦ ટકા મતદાન કેન્દ્રોનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. તમામ જિલ્લામાં એક એવું મતદાન કેન્દ્ર હશે જ્યાં યુવા કર્મચારી તૈનાત હશે. તમામ મતદાન કેન્દ્ર પર સરેરાશ ૯૪૮ મતદારો છે. ગુજરાતમાં ૪.૯ કરોડ મતદાતા છે. ૩ લાખ ૨૪ હજાર લોકો પ્રથમવાર મતદાન કરશે. ૫૧૭૮૨ પોલિગ સ્ટેશન ગુજરાતમાં હશે.જેમાં ૧૨૭૪ પોલિગ બૂથ મહિલા કર્મી જ તૈનાત હશે.. તમામ મતદાન કેન્દ્ર ગ્રાઉન્ડ ફ્લોર પર જ હશે.ગુજરાતમાં ૯.૮૭ લાખ મતદાતા ૮૦ વર્ષ વય ઉપરના છે. ૫૦ ટકા મતદાન કેન્દ્રનું લાઈવ દિવ્યાંગ મતદાતા માટે ૧૮૨ મતદાન કેન્દ્ર ઉભા કરાયા છે. દરેક જિલ્લામાં એક એવું પોલિંગ બુથ હશે, જેમાં યુવા કર્મી જ તૈનાત રહેશે.રાજ્યમાં ૧૪૧૭ ટ્રાન્સજેન્ડર મતદાતા છે. ૨૦૧૭ની તુલનામાં ટ્રાન્સજેન્ડરની સંખ્યા બમણી થઇ છે. સૌ પ્રથમ ચૂંટણી પંચે મોરબી પુલ દુર્ઘટનાના અંગે દુઃખ વ્યક્ત કર્યું .વાગરામાં એક બૂથ શિપિગ કેન્ટેનર બનાવાશે. ગીર જંગલમાં એક મતદાતા માટે અલગ મતદાન કેન્દ્ર ઉભુ કરાશે.તેમણે કહ્યું હતું કે ૧૨૭૪ વિશેષ મહિલા મતદાન મથકો- માત્ર મહિલા પોલીસ અધિકારીઓ અને મહિલા ચૂંટણી સ્ટાફ જ રહેશે.,૧૮૨ મતદાન મથકોનું સંચાલન માત્ર દિવ્યાંગ ચૂંટણી સ્ટાફ દ્વારા જ કરાશે., દરેક જિલ્લામાં એક એવા ગુજરાતમાં ૩૩ મતદાન મથકો એવા હશે જેમાં સૌથી યુવા સ્ટાફ એટલે કે હાલમાં જ ભરતી કરાયેલા ચૂંટણી અધિકારી-કર્મચારીઓનો સ્ટાફ ફરજ બજાવશે., - ૮૦ કિ.મી. દૂરથી આવવું પડતું હતું- હવે શિપિંગ કન્ટેઈનરમાં મતદાન મથક ઉભું કરાશે- ૨૮૩ મતદારો છે ૧ વોટ લેવા માટે ૧૫ જણાનો સ્ટાફ જશે- જાફરાબાદના શિયાળબોટના ૪૫૭ મતદારો માટે વિશેષ વ્યવસ્થા બોટમાં કરાશે

ચુંટણી પંચે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ૮૦ વર્ષથી વધુ ઉમરના દિવ્યાંગ અથવા કોવિડ સંક્રમિત લોકો જે મતદાન કરવા માંગે છે પરંતુ મતદાન બુથ પર પણ ન આવી શકે પંચ આવા મતદારોના ધરે જઈને મતદાન કરવાની સુવિધા આપશે. વૃધ્ધો અને દિવ્યાંગ મતદારોને પોસ્ટલ બેલેટની સુવિધા પુરી પાડવામાં આવશે નિષ્પક્ષતાની ખાતરી કરવા માટે સમગ્ર પ્રક્રિયાની વીડિયોગ્રાફી કરવામાં આવશે

૨૦૧૭માં ૨૫ ઓકટોબર ૨૦૧૭ના રોજ ગુજરાત વિધાનસભા ચુંટણી જાહેર થઇ હતી પહેલા તબકકામાં ૮૯ વિધાનસભઊા બેઠકો માટે ૧૯ જિલ્લામાં નવ ડિસેમ્બરે મતદાન થયું હતું અને બીજા તબક્કામાં ૧૪ ડિસેમ્બરે ૯૩ વિધાનસભા બેઠક માટે ૧૪ જિલ્લામાં મતદાન થયું હતું .

# ગુજરાત ચૂંટણીઃ ભાજપ માટે અસ્તિત્વની લડાઈ, કોંગ્રેસ માટે કરો યા મરો, આપ માટે કમાલ કરવાની તક રહેશે

અમદાવાદ,તા.૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે. ૧ અને ૫ ડિસેમ્બરે મતદાન થશે. આ વખતે ભાજપ અને કોંગ્રેસ સિવાય આમ આદમી પાર્ટી પણ ચૂંટણીમાં કમાલ કરી રહી છે. કોંગ્રેસ માટે આ ચૂંટણી 'કરો યા મરો' જેવી છે. ગુજરાતમાં કોઈપણ પક્ષ સત્તા પર કબજો કરશે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તે પક્ષ માટે તકો વધી જશે. કોંગ્રેસ પાર્ટીના નવા બિન-ગાંધી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે માટે આ ચૂંટણી લિટમસ ટેસ્ટથી ઓછી નહીં હોય. એવી શક્યતા છે કે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ચૂંટણી પ્રચારથી દૂર રહે. કારણ એ છે કે, સોનિયા ગાંધી તેમની તબિયતના કારણે વ્યસ્ત છે અને રાહુલ ગાંધી ભારત જોડો યાત્રામાં વ્યસ્ત છે.

૨૦૧૭ની ચૂંટણીમાં ૭૭ બેઠકો લઈને જીતની નજીક પહોંચેલી કોંગ્રેસ પાર્ટી આ વખતે 'એન્ટી ઈક્મ્બન્સી ફેક્ટર'નો ફાયદો ઉઠાવી શકશે? ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણીમાં કોંગ્રેસ સારો દેખાવ કરશે તો જ રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા' સફળ ગણાશે તેમ રાજકીય નિષ્ણાતોનું કહેવું છે. ખડગેની સફળતા પણ મોટાભાગે આ બે રાજયોની ચૂંટણીઓ પર નિર્ભર છે. કોંગ્રેસ પક્ષે ગુજરાતમાં એ જ યુક્તિ રમી છે જે ચિ. તે ૧૯૭૭માં ચરણ સિંહ અને જનસંઘ દ્વારા ઈન્દિરા ગાંધી વિરુદ્ધ ગઈ હતી.

તમને જણાવી દઈએ કે ગુજરાતમાં અત્યાર સુધી યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં મુખ્ય મુકાબલો કોંગ્રેસ અને ભાજપ વચ્ચે રહ્યો છે. હવે ત્યાં પહેલીવાર આમ આદમી પાર્ટી ત્રીજા પક્ષ તરીકે સામે આવી છે. પાર્ટીને કેટલું સમર્થન છે, તે તો ચૂંટણી પરિણામો જ કહી શકશે, પરંતુ છછઁ કન્વીનર અરવિંદ કેજરીવાલને આશા છે કે તેઓ કંઈક મોટું કરી શકશે. ભાજપને લાગે છે કે કેજરીવાલ માટે અહીં મજબૂત રહેવું ફાયદાકારક છે. આ જ કારણ છે કે ઘણી વખત મીડિયામાં છછઁને મ્ત્નની મ્ ટીમ કહેવામાં આવે છે. પંજાબ અને દિલ્હી આમાં અપવાદ છે. ભાજપના નેતાઓનું કહેવું છે કે ગુજરાત પીએમ મોદીનું પોતાનું હોમ સ્ટેટ છે. તેની અસર ત્યાંની દરેક ચૂંટણીમાં જોવા મળી છે. આરએસએસ અને ભાજપે સાથે મળીને ત્યાં તેમના કેડર વોટ તૈયાર કર્યા છે. છછઁ વિશે એવું માનવામાં આવે છે કે તેને જેટલા વોટ મળશે, તેનું નુકસાન કોંગ્રેસ પાર્ટીને થશે. છછઁ, દિલ્હી અને પંજાબમાં આ વાર્તાનું પુનરાવર્તન થયું છે.

અરવિંદ કેજરીવાલ તેમની ચૂંટણી રેલીઓમાં કહે છે કે, આ બે પાર્ટીઓ 'કોંગ્રેસ અને બીજેપી' મિશ્ર છે. તેમના શિકાર ન થાઓ. અમારો સર્વે કહે છે કે આમ આદમી પાર્ટી ગુજરાતમાં જીતની નજીક છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સોમવારે ભારત જોડો યાત્રામાં કહ્યું કે, ગુજરાતમાં આમ આદમી પાર્ટી માત્ર હવામાં છે, જમીન પર નથી. તેમણે દાવો કર્યો છે કે કોંગ્રેસ પાર્ટી ત્યાં મજબૂત છે. છછઁ માત્ર જાહેરાતો પાછળ પૈસા ખર્ચી રહી છે. સત્તા વિરુદ્ધ વાતાવરણ છે. તેનો ફાયદો કોંગ્રેસને મળશે. આગામી સરકાર કોંગ્રેસ પાર્ટીની જ બનશે. ગુજરાત ચૂંટણીમાં તેમની જવાબદારી શું હશે તે પ્રશ્નના જવાબમાં રાહુલે કહ્યું હતું કે, આ તમામ બાબતો પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે નક્કી કરશે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૯૯ અને કોંગ્રેસને ૭૭ બેઠકો મળી હતી. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ રાજીવ શુક્લાએ કહ્યું છે કે રાહુલની ભારત જોડો યાત્રાની અસર ગુજરાત અને હિમાચલ બંનેમાં છે.રાજકીય વિશ્લેષક રાશિદ કિદવાઈ કહે છે કે, ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટી આ વખતે અનોખી વ્યૂહરચના લઈને આવી છે. ભાજપ ઈચ્છે છે કે આ ચૂંટણી લોકસભા ચૂંટણીની જેમ મોદી વિરુદ્ધ રાહુલ બની જાય. ભાજપની આ રણનીતિ કોંગ્રેસ નિષ્ફળ ગઈ છે. રાહુલ ગાંધી આ ચૂંટણીમાંથી સંપૂર્ણપણે બહાર થઈ શકે છે. કોંગ્રેસ પાર્ટીએ ખુદ રાજ્ય એકમને મોટી જવાબદારી સોંપી છે. પ્રિયંકા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને અન્ય નેતાઓ પાર્ટી માટે પ્રચાર કરશે. દરેક ચૂંટણીની પોતાની શૈલી હોય છે. કેટલીક જગ્યાએ 'એન્ટી ઈક્મ્બન્સી ફેક્ટર'નો ફાયદો કોંગ્રેસને મળી શકે છે. આ ચૂંટણી વિપક્ષની કસોટી છે. વોટ કટ પાર્ટી, જો કે કોઈ પાર્ટી પોતાના પર આ ડાઘ લગાવવા માંગતી નથી, પરંતુ ચૂંટણીમાં આ સાપ કોઈના ગળામાં નાખવામાં આવે છે. જો કોંગ્રેસ પાર્ટી તેની રણનીતિમાં સફળ થાય છે, ગ્રામ્ય વિસ્તારમાં ઈન્દિરા ગાંધી વિરુદ્ધ ચરણસિંહ અને જનસંઘે કર્યું. બંનેને ગ્રામ્ય વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરવાનો ફાયદો પણ મળ્યો.

રાશિદ કિદવાઈ તરીકે આપ હિમાચલમાં સક્રિય નથી. તેમનું પોતાનું કંઈક રાજકીય મૂલ્યાંકન હોવું જોઈએ. તમે ગુજરાતમાં ખૂબ જ સક્રિય છો. મતની ટકાવારી ઘટી શકે છે. ગુજરાતમાં પચાસ બેઠકો એવી છે જયાં ભાજપને હંમેશા મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. ગત ચૂંટણીમાં પણ તેમને આદિવાસી વિસ્તારમાં માત્ર ડઝન બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. મોરબીમાં બ્રિજ ધરાશાયી થવાના કારણે લોકોમાં આક્રોશ છે, પરંતુ તે ચૂંટણીમાં ખબર પડશે. યુપીના લખીમપુરમાં હંગામો થયો હતો, પરંતુ મતોની દૃષ્ટિએ તે ભાજપ માટે નુકસાનકારક સાબિત થયો ન હતો.ગુજરાતમાં ભાજપના આંતરિક સૂત્રોનું માનવું છે કે પાર્ટી ભલે જાહેર મંચ પરથી ૧૫૦ બેઠકો મેળવવાનો લક્ષ?યાંક નક્કી કરી શકે, પરંતુ તે ૧૦૦ બેઠકો સુધી પહોંચવાની તૈયારી કરી રહી છે. રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે બંને માટે આ ચૂંટણી કસોટી સમાન છે. જો અમે જીતીશું તો જ ૨૦૨૪નો રસ્તો મોકળો થશે. જો પરિણામ મન મુજબ નહીં આવે તો પક્ષને દૂરગામી પરિણામોનો ભોગ બનવું પડી શકે છે. રાહુલની યાત્રા પણ દાવ પર લાગી શકે છે.

## સેના પર હુમલો કરનારને માફી નહીં,આતંકવાદીની અરજી ફગાવી, ફાંસી થશે

નવીદિલ્હી,તા.૩

સુપ્રીમ કોર્ટે આજે ગુરુવારે આતંકવાદી મોહમ્મદ અશફાક ઉર્ફે આરીફની ફાંસીની સજા માટે દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજીને ફગાવી દીધી હતી. દિલ્હીના લાલ કિલ્લામાં ૨૨ ડિસેમ્બર ૨૦૦૦ની રાત્રે સેનાની બેરેક પર આતંકવાદી હુમલાના દોષિત અશફાકની ફાંસીની સજા સાથે જોડાયેલી અરજી કોર્ટે ફગાવી દીધા બાદ હવે તેની સજાનો અમલ કરવાનો રસ્તો સાફ થઈ ગયો છે. લાંબી સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે ૧૦ ઓગસ્ટ ૨૦૧૧ના રોજ આતંકી અશફાકને ફાંસીની સજા સંભળાવી હતી.

સુપ્રીમ કોર્ટમાં ૫ જજની બંધારણીય બેન્ચે જુલાઈ ૨૦૧૯ ના રોજ પાકિસ્તાની નાગરિક આરિફ ઉર્ફે અશફાકની અરજી સ્વીકારી હતી, જેમાં ઓપન કોર્ટમાં ફરીથી અરજીની સમીક્ષા સુનાવણી કરવાની માંગ કરવામાં આવી હતી, જેના પર કોર્ટે તેને મંજૂરી આપી હતી.આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ, લશ્કર-એ-તૈયબાના આતંકવાદી આરિફને ફાંસીની સજા સંભળાવવામાં આવી છે. ૨૨ ડિસેમ્બર ૨૦૦૦ના રોજ થયેલા આ આતંકવાદી હુમલામાં ત્રણ જવાનો શહીદ થયા હતા. સૈન્યની જવાબી કાર્યવાહીમાં આતંકીઓ પણ માર્યા ગયા હતા. લાંબી સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે ૧૦ ઓગસ્ટ ૨૦૧૧ના રોજ આતંકવાદી આરિફને ફાંસીની સજા સંભળાવી હતી, પરંતુ આજ સુધી તેને ફાંસી આપવામાં આવી નથી. આ મામલાની તપાસની જવાબદારી દિલ્હી પોલીસ ઈન્સ્પેક્ટર સુરેન્દ્ર સંતની હતી અને તે કાશ્મીર લઈને દિલ્હી આવ્યો હતો.સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં આતંકવાદી આરિફે કહ્યું હતું કે તેની સમીક્ષા અરજીની સુનાવણી ઓપન કોર્ટમાં કરવામાં આવી નથી. આથી તેની રિવ્યુ પિટિશન પર ફરીથી ઓપન કોર્ટમાં સુનાવણી થાય તો તે ન્યાયના હિતમાં રહેશે.સુપ્રીમ કોર્ટે અશફાકની ફાંસીની સજાને પહેલા જ મંજૂરી આપી દીધી છે. દેશની સર્વોચ્ચ અદાલત આજે ફરી દાખલ કરાયેલી સમીક્ષા અરજી ફગાવાઈ દેવાતા હવે આતંકવાદીને અગાઉ અપાયેલ ફાંસીની સજા કાયમ રહેશે.

## આમ આદમી પાર્ટી સાથે કોંગ્રેસ ક્યારેય ગઠબંધન નહી કરે: આલોક

નવીદિલ્હી,તા.૩

ગુજરાત વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર થઇ ગઇ છે ત્યારે આલોક શર્માએ કોંગ્રેસ સામે ઉઠી રહેલા સવાલનો આખરે જવાબ આપી દીધો છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવકતા આલોક શર્માએ સ્પષ્ટ કહી દીધું કે, કોંગ્રેસ ચૂંટણીને લઈને તૈયાર છે. જ્યારે પૂછવામાં આવ્યું કે શું આમ આદમી પાર્ટી સાથે કોંગ્રેસ ગઠબંધન કરશે ? જેના જવાબમાં આલોક શર્માએ સ્પષ્ટતા કરી દીધી કે, 'આમ આદમી પાર્ટીને અમે એકેય રાજ્યમાં સપોર્ટ નહી કરીએ કેમ કે આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ છે, આરએસએસની જ

ઉલ્લેખનીય છે કે અગાઉ રાજકીય ગલિયારોમાં અંદાજો લગાવાઈ રહ્યો હતો કે ભાજપને સત્તાથી દૂર રાખવા માટે કોંગ્રેસ આમ આદમી પાર્ટી સાથે હાથ મિલાવી શકે છે. જો કે આલોક શર્માએ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરવાને લઈ પોતાની મંછા જાહેર કરી દીધી છે અને સ્પષ્ટ કરી દીધું છે કે કોંગ્રેસ ક્યારેય આરએસએસના પ્રોડક્ટનો સાથ ના આપી શકે. ત્યારે આમ આદમી પાર્ટી, ભાજપ અને કોંગ્રેસનો ત્રિપાંખીયો જંગ કેવો રસપ્રદ રહેશે તે જોવાનું રહ્યું.

## દેશમાં સીએએ લાગુ કરવાની પ્રક્રિયા શરૂ, બંગાળ પણ બાકાત રહેશે નહીં : શુભેદુ અધિકારી

કોલકતા,તા.૩

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા શુભેંદુ અધિકારીએ દાવો કર્યો છે કે દેશમાં સંશોધિત નાગરિકતા કાનુન(સીએએ) સાહુ કરવાની પ્રક્રિયા શરૂ થઇ ગઇ છે અને બંગાળ પણ તેનાથી બાકાત રહેશે નહીં કેન્દ્રે અફધાનિસ્તાન,બાંગ્લાદેશ અને પાકિસ્તાનથી આવનારા અને વર્તમાનમાં ગુજરાતના બે જીલ્લામાં રહેતા હિન્દુઓ,શિખો બૌધ્ધ,જૈન પારસીઓ અને ખ્રિસ્તીઓને નાગરિકતા કાનુન ૧૯૫૫ હેઠળ ભારતીય નાગરિકતા આપવાનો નિર્ણય કર્યો છે ત્યારે ભાજપ નેતા અધિકારીની આ પ્રતિક્રિયા સામે આવી છે.

કેન્દ્રીય જાહેરનામા પર પુછવામાં આવેલા સવાલના જવાબમાં અધિકારીએ કહ્યું કે ગુજરાતના બે જીલ્લામાં સીએએ પહેલા જ લાગુ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે અને પાકિસ્તાન જેવા પડોસી દેશોથી આવેલ કેટલાક લધુમતિ સમૂહોને નાગરિકતા આપનાર જાહેરનામું જારી કરવામાં આવ્યું છે.

નંદીગ્રામના ધારાસભ્યે કહ્યું કે બંગાળ સીએએ લાગુ થવાની પ્રક્રિયાથી અછુત રહી શકે નહીં મટુઆ સમુદાયના સભ્યો અને નમશૂદ જેવી અન્ય પછાત જાતિઓના સભ્યોને પણ તાકિદે લાભ મળશે સીએએ અમાર રાજયમા ંપણ લાગુ કરવામાં આવશે.દરમિયાન કેન્દ્રીય જહાજરાની રાજયમંત્રી શાંતનું ઠાકુરે કહ્યું કે હું ફકત એટલું જ કહી શકુ છું કે જો સીએએ લાગુ થશે તો અહીં મટુઆ સમુદાય સહિત પછાત જાતિઓના સભ્યો માટે ખુબ સારી મદદ મળશે જૈન પારસીઓ અને ખ્રિસ્તીઓને ભારતીય નાગરિકતા પ્રદાન કરવાની જોગવાઇ કરે છે પરંતુ સરકારે અધિનિયમ હેઠળ અત્યાર સુધી બનાવ્યો નથી આથી અત્યાર સુધી કોઇને પણ તે હેઠળ નાગરિકતા આપી શકાતી નથી.

જયારે ટીએમસીના પ્રવકતા કૃણાલ ધોષે કહ્યું કે પશ્ચિમ બંગાળમાં સત્તાધારી સીએએને કયારેય પણ રાજયમાં લાગુ થવા દેશે નહીં તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ દેશમાં સીએએને લાગુ કરશે નહીં શુભેદુ અધિકારી ૨૦૨૩ની પંચાયત ચુંટણી પહેલા સમાજમાં ધ્રુવીકરણના પ્રયાસ હેઠળ મોટા મોટા દાવા કરી રહ્યાં છે.

## તંત્રી સ્થાનેથી...

# અક્ષમ્ય બેદરકારી



ગુજરાતના મોરબીમાં મચ્છુ નદી પર બનેલો ઝૂલતો પુલ તૂટવાની ઘટનામાં ૧૩૦ લોકોના જીવ જવા દરેક સ્તરે દાખવેલી એ ભયાનક બેદરકારી દર્શાવે છે, જે આપણા દેશમાં બહુ સામાન્ય થઈ ગઈ છે અને જેને કારણે વારે-તહેવારે આવી દુર્ઘટનાઓ થતી જ રહે છે. આ જેટલું અકલ્પનીય છે, એટલું જ અસ્વાભાવિક પણ છે કે સો વર્ષથી વધુ જૂના ઝૂલતા પુલની મરામત બાદ કોઈએ તેની તપાસ કરવાની જરૂરિયાત પણ ન સમજી. એ જ રીતે કોઈએ પણ આ પુલ પર સુરક્ષા પ્રબંધ જોવા-સમજવાની જહેમત ન ઉઠાવી. સ્થાનિક પ્રશાસન પાસેથી અનુમતિ લીધા વિના પુલને જનતા માટે ખોલી નાખવો તો બેદરકારીની પરાકાષ્ઠા જ છે. આ જ બેદરકારીને કારણે મરામતના પાંચ દિવસ બાદ જ આ પુલ તૂટી ગયો. તે તૂટવાનું કારણ એ પણ રહ્યું કે તેમાં જરૂરિયાત કરતાં વધારે લોકો એકઠા થઈ ગયા હતા. આ પુલની ક્ષમતા સો લોકોની હતી, પરંતુ તેના પર કેટલાય ગણા વધારે લોકો જમા થઈ ગયા હતા. આ બધા જ લોકો ટિકિટ લઈને ગયા હતા, એટલે જ એ પણ સ્પષ્ટ થાય છે કે ટિકિટ વેચનારાઓએ તેની પરવા ન કરી કે પુલ પર ક્ષમતાથી વધારે લોકો જઈ રહ્યા છે. આ એક પ્રકારે મોતને જાણી જોઈને આમંત્રણ આપવા જેવું કામ હતું. બેદરકારીનો સિલસિલો અહીં નથી અટકતો. પુલ પર ગયેલા લોકોએ તેને હલાવવાનું શરૂ કરી દીધું, પરંતુ કોઈ તેમને રોકનાર-ટોકનાર ન હતું - ના પોલીસ કે ના પુલ માટે ટિકિટ વેચનારી કંપનીના સુરક્ષા કર્મી.

આવું પહેલી વાર નથી બન્યું કે કોઈ પુલ તૂટવાથી આટલી મોટી ઘટના બની હોય. આપણા દેશમાં ક્યારેક પુલ તૂટવા, ક્યારેક તેના પર ભાગદોડ મચવાથી જીવલેણ દુર્ઘટનાઓ થતી રહે છે. આ જ રીતે ક્યારેક ધાર્મિક અને પર્યટન સ્થળો પર જાહેર સુરક્ષાને લઈને રખાતી બેદરકારીથી પણ લોકોના જીવ જાય છે. એનાથી પણ બધા પરિચિત છે કે આપણા દેશમાં સડકો પર થનારી દુર્ઘટનાઓનું એક મોટું કારણ બેદરકારી જ હોય છે. જાહેર સ્થળો પર લોકોની સુરક્ષાની જેવી ઘોર અવગણના કરવામાં આવે છે, તેને કારણે ખબર નહીં કેટલાય લોકો કસમયે કાળનો કોળિયો બની જાય છે, પરંતુ કોઈ નથી ચેતવતું, ના શાસન-પ્રશાસન, ના એવા સ્થળોની દેખરેખ કરનારા કોન્ટ્રાક્ટર અને ના સામાન્ય લોકો. આ બધાને કારણે એક એવી સ્થિતિ બનતી જાય છે, જેમાં ઘરની બહાર નીકળવું એક રીતે જીવ હથેળીમાં લઈને ચાલવા જેવું થઈ ગયું છે. મુશ્કેલી એ પણ છે કે મોરબી જેવી મોટી દુર્ઘટનાઓથી કોઈ બોધપાઠ નથી લેવામાં આવતો. મોટાભાગે એ જ જોવા મળે છે કે તપાસ, વળતર અને દોષીઓને નહિ છોડવાની જાહેરાતની સાથે જ બધું જ ભૂલાવી દેવામાં આવે છે અને થોડા દિવસમાં ફરી પાછું બધું જ રાબેતા મુજબ ચાલવા માંડે છે.

## ચૂંટણી પ્રચાર દરમિયાન ફેક ન્યૂઝ ફેલાવનારા અને શાંતિ ભંગ કરનારા ચેતી જાય

નવીદિલ્હી,તા.૩

દેશના મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે ગુજરાતમાં ચૂંટણીની તારીખોની જાહેરાત કરી હતી. ૧ ડિસેમ્બર અને ૫ ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણી માટે કેન્દ્રીય ચૂંટણી પંચ વિવિધ જાહેરાતો કરી હતી તેમજ કેટલીક નિયમાવલી જણાવી હતી. તે મુજબ તેઓ સોશિયલ મીડિયા પર ખાસ ધ્યાન આપશે. આધુનિક જમાનામાં હવે પોસ્ટર, રેલીઓ જનસભાઓની સાથે સાથે સોશિયલ મીડિયા ઉપર પણ ભરપૂર માત્રામાં રાજકીય પક્ષો પોતાનો પ્રચાર કરે છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા સોશિયલ મીડિયા પણ માટે વિશેષ ગાઈડ લાઈન નક્કી કરવામાં આવી છે. આધુનિક સમયમાં ચૂંટણી દરમિયાન મોટા પાયે સોશિયલ મીડિયાનો ઉપયોગ થાય છે ત્યારે સોશિયલ મીડિયા પર ચૂંટણીપંચ બાજનજર રાખશે. આ માધ્યમનું મોનિટરિંગ કરવા માટે ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે ગુજરાતના દરેક જિલ્લામાં ચૂંટણી પંચની પોતાની એક ટીમ રાજકીય પક્ષોના સોશ્યિલ મીડિયા પર નજર રાખશે.ચૂંટણી પંચ, ફેક ન્યૂઝ, અફવા તેમજ શાંતિ ભંગ કરનારા સમાચારો પર ખાસ નજર રાખશે. જો તેમને એવું લાગશે કે સોશિયલ મીડિયા પરનું આ કન્ટેન્ટ વાંધાનજક છે તો તેના માટે ઈન્ડિયન પીનલ કોડની કલમ મુજબ કાયદાકીય પગલાં પણ લેવામાં આવશે. સોશિયલ મીડિયા પર વોચ રાખવા માટે સર્કલ ઓફિસર પાસે પણ પોતાની ટીમ હશે અને કાયદો ભંગ કરનારા સામે કાયદાકીય પગલાં લેવામાં આવશે. રાજકીય પક્ષોની તમામ ગતિવિધિઓ પર વોચ રાખવાનો તખતો ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરી દેવાયો છે.હાલના સમયમાં સોશિયલ મીડિયા પર નિયંત્રણ કરવું થોડું મુશ્કેલ છે, ત્યારે ચૂંટણીપંચ દરેક જિલ્લામાં પોતાની ટીમ દ્વારા ફેસબુક, વોટ્સ એપ અને યુ ટ્યૂબના માધ્યમથી મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરિત કરવાથી લઈને કોઈ નેતા કે પાર્ટી દ્વારા અપાતી લાંચ કે અન્ય પ્રલોભનોથી દૂર રહેવા જાગ્રત કરશે તેમજ વાંધધા નજક કન્ટેન્ટની નોંધ પણ લેશે.

જાળું

આડું અવળું,
અવળું સવળું.
કયાં ભરાય છે
પ્રેમનું પાવળું?
બધું મળે પણ,
મન રહે આળું.
શું કામ શાકમાં
જાય આખું કોળું?
સારા કર્મ કરો,
મોં ન થાય કાળું!!
સફળ થવા બનાવો,
કરોળિયા જેમ જાળું
ભરત વૈષ્ણવ
૩.૧૧.૨૦૨૨.# કવિતા

# ભરોસાની ભેંસે ઋષિ સુનક જણ્યો!!!

આપણા હદયમાં ઉત્સાહ કેટલો ઉછાળા મારતો હતો. માનો કે પેસેફિક મહાસાગર ઉછળતો ન હોય!! દેશની ૧૩૫? કરોડ જનતા હિલોળે ચડી હતી. આપણે મિઠાઇ મંગાવી લીધી હતી. ફૂલોના હાર, ગુલાબની પાંદડી, ફૂલોનો ગજરો મંગાવી દીધેલ. એકવીસ તોપ પણ સલામી માટે તૈયાર રાખેલ. લાલ જાજમ પણ બિછાવેલી. સાજનમાજન આવી ગયેલ. ઢોલનગારા ,ત્રાંસા, બેન્ડ,ડીજે મંગાવી રાખેલ. આપણા માટે આનંદનો પ્રસંગ. આપણને આનંદ કેમ ન હોય?? આપણા પર અંગ્રેજોએ બસો વરસ રાજ કરેલ.,જેમ સિગારેટ પૂરી થયેથી બુટની એડી નીચે મુકી પગ હલાવી સિગારેટ કચડીએ છીએ તેમ અંગ્રેજોએ આપણને બુટની એડી નીચે કીડા મંકોડાની જેમ કચડેલ..એ અન્યાયનો બદલો લેવાની મંગળ અને શુભ ઘડી આવી હતી.જેનો આપણે વરસોથી ઈંતેઝાર કરેલ. બદલાની બળબળતી આગથી બળતા હદયને શીતળ ચંદનલેપ કરવાની ઘડી આવી હતી..અબ આયા ઉંટ પહાડ કે નીચે !!

અહીં આપણે ત્યાં સિંગલ એન્જિન કે ડબલ એન્જિનની સરકારોનું પ્રચલન છે. સિંગલ-ડબલ એન્જિનના કયા અને કેટલા એન્જિનના ફાયદા છે એની આપણને ખબર નથી. રિક્ષા,,બાઈક, કાર, બસમાં સિંગલ એન્જિન હોય છે. પણ તેમાં કોઇ તકલીફ પડતી નથી. પ્લેનમાં ડબલ એન્જિન હોય છે .પ્લેન ઘણી વાર ક્રેશ થઈ જાય છ. આપણે રાષ્ટ્રીય સ્તરે ડબલ એન્જિનની સરકાર જોઇ. પ્રથમવાર આંતરરાષ્ટ્રીય સ્તરે બ્રિટન-ભારતમાં ડબલ એન્જિન એ પણ હિન્દુત્વને વરેલી સરકાર બની રહી હતી!!

અમને તો એમ હતું કે આપણો ઈન્ડિયન મુંડો બ્રિટનના પ્રધાનમંત્રી તરીકે શપથ લેશે કે તરત આપણો કોહિનૂર હીરો, ટીપુની તલવાર ,સોનું ચાંદી પરત કરવાના દસ્તાવેજ પર સર્વ પ્રથમ સહી કરીને મારતા પ્લેને આવીને દિલ્હી નરેશના ચરણે ધરી ક્ષમા પ્રાર્થના કરશે. આપણે પક્ષ ક્ષમા વીરસ્ય ભૂષણ સંસ્કૃત ઉક્તિ અનુસાર માફી આપી દઈશું .

ઋષિ સુનક જલિયાવાસા બાગ જઈને નાક રગડીને જવિયાવાલા બાગ હત્યાકાંડની ખાંસડુ પકડી માફી માંગશે!! (શું કહ્યું બ્રિટન એકવાર માફી માંગી ચુકયું છે. કંઇ વાંધો નહીં . વારંવાર માફી માંગવાથી અંતઃ કરણ શુધ્ધ થાય છે. મન પવિત્ર થાય છે. વિનમ્રતાના ગુણનો વિકાસ થાય છે. આધ્યાત્મિક અને આત્મિક ઉન્નતિનો માર્ગ પ્રસસ્ત થાય છે!!!) ભારતીય મૂળના ઋષિ બ્રિટનના પ્રધાનમંત્રી બનીને બસો વરસની ગુલામીનો હિસાબ કરશે, અંગ્રેજોનો ચુનચન કે બદલો લેશે, કિંગ ચાર્લ્સ તૃતીય વયોવૃદ્ધ ઉંમરે ચક્કી પિસશે, ઋષિ હેન્ટર લઈ લંડન, સ્કોટલેન્ડની બજારોમાં ફરશે અને બ્રિટિશરોને કોરડા મારશે એવી ગબ્બરસિંહ બ્રાંડ મંગલાતિમંગલા કલ્પના કરી રહ્યા હતા. બસો વરસની ગુલામીનું કલ્પનોડયન મારફતે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વેર લેવાશે!!

ઋષિ સુનકના માતા-પિતા ભારતીય મૂળના છે. પરંતુ તેમનો જન્મ ૧૨ મે ૧૯૮૦ના ઈંગ્લેન્ડના સાઉથમ્પેટનમાં થયો હતો. ઋષિ સુનકનું ભારતીય કનેક્શન કંઈક આ રીતે છે. તેમના દાદા-દાદી ભારતથી આફ્રિકા જઈને વસી ગયા હતા. ત્યારબાદ તેમના પિતા આફ્રિકાથી બ્રિટન પહોંચી ગયા હતા. સુનકના નાના પંજાબથી તાંઝાનિયા શિફ્ટ થઈ ગયા હતા. ત્યારબાદ તેમના માતાનો પરિવાર તાંઝાનિયાથી બ્રિટન જઈને રહેવા લાગ્યો હતો. બ્રિટનમાં તેમના માતા-પિતાના લગ્ન થયા હતા.

ઋષિ સુનકની ઉંમર ૪૨ વર્ષની છે અને તેમણે જાણીતા ઉદ્યોગપતિ નારાયણ મૂર્તિની પુત્રી અક્ષતા સાથે લગ્ન કર્યા છે. ઋષિ અને અક્ષતાને બે દિકરીઓ કૃષ્ણા અને અનુષ્કા છે. સુનકે બ્રિટનની વિંચેસ્ટર કોલેજથી પોલિટિકલ સાયન્સમાં ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ તેમણે ઓક્સફોર્ડ યુનિવર્સિટીની લિંકન કોલેજમાંથી ફિલોસોફી અને ઈકોનોમિક્સનો અભ્યાસ કર્યો હતો. તેઓ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી એમબીએ કરી ચુક્યા છે. ગ્રેજ્યુએશન બાદ તેમણે કેટલોક સમય ઈન્વેસ્ટમેન ફર્મ ગોલ્ડમેન સેક્સની સાથે કામ કર્યું હતું. તેમની પાસે ઇનવેસ્ટમેન્ટ ફર્મ, એનાલિસ્ટ, ગોલ્ડમેન સેક્શનો પણ અનુભવ છે. તેમની સંપત્તિ ૭૩૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. તો તેમની પત્ની અક્ષતા તો તેનાથી વધારે ધનવાન છે. ઋષિ સુનક વર્ષ ૨૦૧૫, પ્રથમ વખત સાંસદ બન્યા.૨૦૧૭માં બીજી વખત સાંસદ બન્યા.૨૦૧૮માં થેરેસા સરકારમાં મંત્રી બનેલા.૨૦૧૯માં ત્રીજી વખત સાંસદ બન્યા

અને ૨૦૧૯માં જહોનસન સરકાર) નાણા મંત્રી બનેલા.આઠ વરસમાં સાંસદમાથી પ્રધાનમંત્રી બન્યા. તેની સફળતાનો ગ્રાફ સડસડાટ ઉંચે ચડતો રહ્યો છે.

ઋષિની તમામ લાયકાતો ઉપરાંત ભારતના જમાઈ રાજા હતા. ઈન્ફોસિસ નારાયણ મૂર્તિના જમાઈ રાજા છે. નારાયણ ઋષિ બ્રિટિશ નાગરિક છે. તેમા મૂળિયા ભારતની જમીનમાં ધરબાયેલા છે. તેમની પત્ની અક્ષિતા ભારતીય છે. ધારાસભ્ય તરીકે પ્રથમવાર શપથ લેતી વખતે ભગવદ ગીતાના નામે શપથ લીધેલા .

હિન્દુ હોવાનું તેમને ગર્વ અને ગૌરવ છે!! ઋષિ સુનક કન્ઝર્વેટિવ સાંસદોના પ્રિય છે અને નાણાકીય બાબતોની પણ સારી સમજ ધરાવે છે. હકીકતમાં તેઓ ભૂતકાળમાં નાણામંત્રી રહી ચૂક્યા છે.

ઋષિ સુનકે તેના પ્રવચનથી આપણી ધારણા, માન્યતા, અપેક્ષાનો ભાંગીને ભૂકકો કરી નાંખ્યો છે. ઓહ નો!! આવું તે કેવી રીતે કહી શકે?? આંગળીથી નથ વેગળા ?? સાપની જેમ ભારતીયતાની કાંચળી ઉતારી નાંખવાની? જે થાળીમાં ખાધું તેમાં જ થૂંકવાનું??તમે બ્રિટનની પ્રસંશા કરો તે સમજાય. કેમ કે, ઉંટ મારવાડ ભણી જુવે કે ભૂવો ધુણે તો નારિયેળ ઘર તરફ જ ફેંકે. બ્રિટનના વખાણ કરતાં કરતાં પ્રખર અર્થશાસ્ત્રી રઘુરામન કે અમર્ત્ય સેનની જેમ ભારતનો ભાંગરો વાટવાનો?? ઋષિ સુનકે કહ્યું કે "બ્રિટન દેશે મારા જેવા વિદેશી પર વિશ્વાસ મુકયો છે.આ ભારત દેશની જીત નથી, પણ ભારત દેશની હાર છે. કેમ કે દેશ ધર્મ, નાત જાતમાં વિભાજિત છે"

લો, બોલો ઋષિ સુનકે પોત પ્રકાશ્યું છે. ભારતની ૧૩૦ કરોડની જનતા કે દિલ કે અરમાન બહ ગયે!!હમ વફા કર કે ભી તન્હા રહ ગયે. એક દિલ કે ટુકડે હજાર હુંએ કોઇ ઈધર ગિરા,કોઈ ઉધર ગિરા!!કહે છે કે ભરોસાની ભેંસે ઋષિ સુનક(પાડો )જણ્યો!!

ભરત વૈષ્ણવ
૩.૧૧.૨૦૨૨.

## મૌલાનાના વિવાદિત બોલ

# ૧૪ વર્ષ વનવાસમાં સાથે રહ્યાં,પરંતુ પડદાને કારણે સીતાને લક્ષ્મણ ઓળખી શકયા નહીં

## આજે આપણા દેશમાં યુવતીઓને હિજાબ પહેરવાથી રોકવામાં આવી રહી છે જયારે પુરી દુનિયાને હિજાબ પહેરવાનું ભારતે શિખડાવ્યું છે

જયપુર,તા.૩

હિજાબ વિવાદમાં હવે રામાયણની એન્ટ્રી થઇ ગઇ છે.મુસ્લિમ પર્સનલ લો બોર્ડના પ્રવકતા મૌલાના સજજદ નોમાનીએ અહીં એક કાર્યક્રમમાં તેને લઇ વિવાદિત નિવેદન આપ્યું છે.મૌલાના સજજાદ નોમાનીએ કહ્યું કે આજે આપણા દેશમાં યુવતીઓને હિજાબ પહેરવાથી રોકવામાં આવી રહી છે જયારે પુરી દુનિયાને હિજાબ પહેરવાનું ભારતે શિખડાવ્યું છે.તેમણે તેના માટે રામાયણનો સહારો લીધો હતો. મૌલાનાએ રામાયણનો ઉલ્લેખ કરતા કહ્યું કે લક્ષ્મણજી ૧૪ વર્ષ સુધી વનમાં માતા સીતાની સાથે રહ્યાં પરંતુ આમ છતાં પણ તે તેમનો ચહેરો જોઇ શકયા નહીં કારણ કે તેઓ પડદામાં હતાં.





મૌલાના અહીંની ઈદગાહમાં મહિલાઓના એક કાર્યક્રમમાં ભાગ લઇ રહ્યાં હતાં આ દરમિયાન તેમણે હિજાબને લઇ સરકાર પર પ્રહારો કર્યા અને સાથે જ કહ્યું હતું કે આ હિજાબ અને પડદો ભારતીય સંસ્કૃતિનું અટુટ હિસ્સો છે.તેમણે કહ્યું હલું કે હવે આ દેશની અંદર હિજાબ પહેરવામાં મુશ્કેલી રજુ કરવામાં આવી રહી છે નોંધી લો કે દુનિયાને હિજાબ પહેરવાનું સૌથી પહેલા ભારતે શિખડાવ્યું છે તે દેશની અંદર આપણી યુવતીઓને પરેશાની ઉઠાવવી પડી રહી છે. જો તે અસલી ભારતીય સંસ્કૃતિ તરફ પાછા જવા ઈચ્છે તો તે પડદો કરવો જોઇએ જો તમારી રામાયણના કોઇ સ્કોલરથી મુલાકાત થાય,તમારા કોલેજમાં સંસ્કૃતના કોઇ પ્રોફેસર હોય,રામાયણને ભણાવનાર સ્કોલ તમને મળી જાય કે ગુગલ પર ખુદ સર્ચ કરી જોવો રામાયણનું અંગ્રેજી અનુવાદ વાંચો કે હિન્દીમાં ભણો અને તે ચેપ્ટરને ખોલો જેમાં સીતાજીની વાપસી બાદ જે ઉજવણી મનાવવામાં આવે છે ખુશી મનાવવામાં આવી રહી છે.તેમણે વધુમાં કહ્યું કે આટલી લાંબી જુદાઇ બાદ શ્રીરામચંદ્રજી અને સીતાજીનું મિલન થઇ રહ્યું હતું ચોક્કસ આ ખુશીની વાત છે તો રામચંદ્રજીના નાના ભાઇ લક્ષ્મણને કહેવામાં આવે છે કે આ ખુશીના પ્રસંગે પોતાની ભાભી સીતાજીના ગળામાં આ હાર પહેરાવો આ ખુબ ખુશીનો પ્રસંગ છે.તેને આપણે એન્જોય કરીશું સેલિબ્રેટ કરીશું ત્યાં ચબુતરો બન્યો છે રામાયણમાં લખ્યું છે કે ત્યાં ૧૪ મહિલાઓ ઉભી હતી લક્ષ્મણજી હાર લઇ તે ૧૪ મહિલાઓની સામે માથુ નમાવી,આંખો ઝુકાવી ઉભા હતાં લોકોએ કહ્યું કે લક્ષ્મણજી જલ્દી કરો વિલંબ થઇ રહ્યો છે. હાલ અનેક અન્ય કાર્યક્રમો છે તમારી ભાભીને હાર પહેરાવો તો લક્ષ્મણજીએ કહ્યું કે મને બતાવો કે આ મહિલાઓમાંથી મારા ભાભી કોણ છે ત્યારે લોકોએ કહ્યું કે જો તમે ૧૪ વર્ષ જંગલમાં સાથે રહ્યા છો છતાં તમે તમારા ભાભીને ઓળખતા નથી તેના પર લક્ષ્મણજીએ કહ્યું કે મેં કયારેય તેમના ચરણથી ઉપર જોયું નથી તો હું કેવી રીતે તેમને ઓળખી શકું આનાથી મોટો પડદો અન્ય શું છે.

## ભાજપના સાંસદે સરકારી કર્મચારી સાથે વાત કર્યા બાદ અચાનક તેમને થપ્પડ મારી દીધી



ચિત્તોડગઢ,તા.૩

રાજસ્થાનના ચિત્તોડગઢથી બીજેપી સાંસદ સીપી જોશી એક સરકારી કર્મચારીને થપ્પડ મારતા સામે આવ્યા છે, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. મળતી માહિતી મુજબ, નાર્કોટિક્સ વિભાગમાં કર્મચારી દ્વારા કથિત રિકવરી અંગે સાંસદ જોશી ઓફિસ પહોંચ્યા હતા, જ્યાં એક સરકારી કર્મચારી સાથે વાત કર્યા બાદ જોશીએ અચાનક તેમને થપ્પડ મારી દીધી હતી. તે જ સમયે, ઘણા પોલીસ અને વહીવટી સ્ટાફ-અધિકારીઓ પણ ત્યાં હાજર હતા. આ આખો મામલો પ્રતાપગઢનો છે, જ્યાં સાંસદ દ્વારા લીઝના કન્વર્ઝનને લઈને નાર્કોટિક્સ વિભાગમાં લાંચ માંગવાની ફરિયાદ મળી હતી. તે જ સમયે, વિડિયોમાં, સાંસદો અફીણની લીઝની વહેંચણીમાં દલાલો દ્વારા લેવામાં આવતા પૈસાના મામલે ભારે નારાજગી વ્યક્ત કરે છે.

વાસ્તવમાં, પ્રતાપગઢ જિલ્લામાં અફીણની લીઝના રૂપાંતરનું કામ ચાલી રહ્યું છે, જ્યાં આ કામ કરાવવા માટે એક વ્યક્તિ પાસેથી લાંચ માંગવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો જેમાં ફરિયાદ કરવામાં આવી હતી કે કર્મચારીઓ અફીણની લીઝના રૂપાંતરણ માટે લાંચ માંગી રહ્યા છે. ચિત્તોડગઢના સાંસદ સીપી જોશીને ફરિયાદની માહિતી મળતા જ તેઓ નાર્કોટિક્સ ઓફિસ પ્રતાપગઢ પહોંચ્યા અને અહીં તેમણે લાંચના મામલે અધિકારીઓ અને કર્મચારીઓની પૂછપરછ કરી.

સાથે જ સાંસદ જોષીએ જે કર્મચારી સામે ફરિયાદ કરી છે તેને બોલાવવા જણાવ્યું હતું. આ પછી જોષીએ કર્મચારીને લાંચ અંગે પૂછતાં અચાનક થપ્પડ મારી દીધી હતી. સાથે જ જોશીએ ત્યાં હાજર અન્ય અધિકારીઓને પણ ઠપકો આપ્યો હતો.

આ સાથે જ અફીણની લીઝના નામે ખેડૂતોને લૂંટવામાં આવી રહ્યા હોવાના મુદ્દે નારાજ સાંસદે પોલીસ સમક્ષ અધિકારીઓને કડક શબ્દોમાં કહ્યું કે, ખેડૂતો પાસેથી કોઈપણ રીતે પૈસા ન લેશો, જેઓ છે તેમની સામે તાત્કાલિક પગલાં લો. જાણવા મળતી માહિતિ મુજબ થપ્પડ ખાનાર કર્મચારી કોન્ટ્રાક્ટ વર્કર છે.

## દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણને પગલે લાખો કાર પર પ્રતિબંધનો ખતરો

નવીદિલ્હી,તા.૩

દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણનું સ્તર વધી રહ્યું છે અને આવી સ્થિતિમાં દિલ્હી સરકાર એટલે કે આમ આદમી પાર્ટી તમામ બીએસ ૩ અને બીએસ ૪ વાહનો પર પ્રતિબંધ લગાવી શકે છે. આમાં ડીઝલ અને પેટ્રોલ બંને કાર ઉપલબ્ધ છે. દિલ્હીના પ્રદૂષણને ઘટાડવા માટે આ નિર્ણય લેવામાં આવી શકે છે. ઈન્ડિયન એક્સપ્રેસે તેના એક અહેવાલમાં આ માહિતી આપી છે. અહેવાલો અનુસાર, દિલ્હીમાં ૩ લાખ ડીઝલ કાર અને બે લાખ પેટ્રોલ કાર છે. રાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.દિલ્હીમાં બીએસ૩ અને બીએસ ૪ સ્ટાન્ડર્ડ પર બનેલી લાખો કાર ચાલી રહી છે. કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ દ્વારા જારી કરાયેલ નવીનતમ એડવાઈઝરી અનુસાર, દિલ્હી એનસીઆરમાં હાજર શહેરોની સરકારને સલાહ આપવામાં આવી છે કે એનસીઆરમાં બીએસ ૩ અને બીએસ ૪ વાહનો પર પ્રતિબંધ મૂકવો જોઈએ.સરકારના આ નિર્ણયના અમલ બાદ લાખો કાર પર પ્રતિબંધ લાગશે. તે પછી પણ જો આ કાર રસ્તા પર દોડતી જોવા મળે તો તેના પર ૨૦ હજાર રૂપિયાનું ચલણ લગાવવામાં આવી શકે છે. આ ચલણ એન્ફોર્સમેન્ટ વિંગ દ્વારા વસૂલવામાં આવશે.પરિવહન વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે કે તેઓએ વ્યક્તિગત કાર છોડીને જાહેર પરિવહનમાં જોડાતા લોકો માટે પર્યાવરણ બસને પ્રોત્સાહન આપવાનું આયોજન શરૂ કર્યું છે.

સિસ્ટમ ઓફ એર ક્વોલિટી એન્ડ વેધર ફોરકાસ્ટિંગ એન્ડ રિસર્ચ અનુસાર, દિલ્હીના જહાંગીરપુરીમાં છઊઁ આજે ૮૮૫ (ખૂબ ગંભીર) કેટેગરીમાં છે. તે જ સમયે, નોઇડામાં છઊઁ ૩૯૨ છે અને ગુરુગ્રામમાં છઊઁ ૪૬૯ છે. આ સિવાય દિલ્હી એરપોર્ટ ટર્મિનલ ૩નો છઊઁ સવારે ૭ વાગ્યે ૩૩૩ નોંધવામાં આવ્યો છે. દિલ્હીમાં દર વર્ષે શિયાળામાં વાયુ પ્રદૂષણનું સ્તર વધે છે, જેના કારણે દિલ્હી સરકારે થોડા સમય પહેલા ઓડ અને સમનો નિયમ લાગુ કર્યો છે.

# વૃંદાવનની હોટલમાં ભીષણ આગ, ૨ના મોતઃકર્મચારીઓ જીવતા સળગ્યા, ૧૦૦ પ્રવાસીઓનો બચાવ કરાયો

મથુરા,તા.૩

મથુરામાં ગુરુવારે વૃંદાવનની ગાર્ડન હોટલમાં ભીષણ આગ લાગી હતી. દુર્ઘટનામાં બે કર્મચારીની જીવતા સળગીને મોત થઈ હતી, જ્યારે એક કર્મચારી દાઝી ગયો હતો. તેની હાલત ગંભીર છે. તેને આગ્રાની એસએન મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યો છે. હોટલના ઉપરના માળે આવેલા એક વેરહાઉસમાં આગ લાગી હતી. પછી ધીમે ધીમે તે નીચે પહોંચવા લાગી. જે હોટલ બિલ્ડિંગમાં આગ લાગી તે ત્રણ માળની છે. તેમાં પહેલા માળે રેસ્ટોરન્ટ, બીજામાં કિચન અને ત્રીજામાં વેરહાઉસ છે. આગ વેરહાઉસમાંથી શરૂ થઈ હતી. તે જ સમયે, આ બિલ્ડિંગની બાજુમાં બીજો બ્લોક છે, જેમાં ૨૫ રૂમ બનાવવામાં આવ્યા છે. જેમાં સુરત, હિસાર અને જમ્મુના પ્રવાસીઓ રોકાયા હતા. તેમની શ્રી મદ ભાગવત કથા ચાલી રહી હતી. ઓરિસ્સાના પ્રવક્તા ભાગવત કરી રહ્યા હતા. ભાગવત કથાનો છેલ્લો દિવસ હતો. વહેલી સવારે આ અકસ્માત થયો હતો. વૃંદાવન રોડના મુખ્ય માર્ગ પર હોટેલ મથુરા આવેલી છે. ઉપરના માળે સ્ટોર રૂમ હતો. તેમાં રજાઈ અને ગાદલા જેવી વસ્તુઓ પણ રાખવામાં આવી હતી. આમાં આગ એટલી ઝડપથી ફેલાઈ કે કામદારોને બચવાનો મોકો પણ ન મળ્યો.

હોટલમાં રહેલા સુરતના પ્રવાસી કૃષ્ણ સિંઘલે કહ્યું કે, સવારે ૫ વાગ્યે જોરથી અવાજ આવવા લાગ્યો. એવું લાગ્યું ક્યાંય ઝઘડો થઈ રહ્યો છે. બિલ્ડિંગથી નીચે આવીને ગાર્ડનમાં જોયું તો હોટલમાં આગ લાગી હતી. પછી મેં મારા સાથીદારોને હોટલમાં જઈ ઉઠાડવાનું શરૂ કર્યું. અમે ૨૬ ઓક્ટોબરે આ હોટલમાં રોકાયા હતા. અમારી ભાગવત કથા ચાલી રહી હતી. આજે હવન થવાનો હતો. સાધુ-સંતોને ભંડારા માટે બોલાયા હતા. આજે સાંજે ૫ વાગ્યે સુરતની ટ્રેન છે.

એસપી અભિષેક યાદવે કહ્યું કે, સવારે હોટલના ટોપ ફ્લોરમાં આગ લાગ્યાની સૂચના મળી હતી. ત્યાર પછી ફાયર બ્રિગેડની ટીમે આગ પર કાબૂ મેળવ્યો. ટોપ ફ્લોરના વેરહાઉસમાં બે કર્મચારી સૂઈ રહ્યા હતા. અકસ્માતને કારણે તેમની મોત થઈ ગઈ. હોટલમાં આવેલા તમામ મુસાફરો સુરક્ષિત છે. ટોપ ફ્લોર પર હોટલના દસ્તાવેજો તેમજ ઈલેક્ટ્રોનિક સામાન રાખેલો હતો. આગ લાગવાના કારણની તપાસ થઈ રહી છે. જે હોટલમાં આગ લાગી હતી તેના કેમ્પસમાં અનેક બ્લોકમાં બિલ્ડિંગ બનેલી છે.

આગની જાણ થતાં જ હોટલમાંથી ૧૦૦ પ્રવાસીઓને બચાવીને બહાર કાઢવામાં આવ્યા હતા. હોટલ સ્ટાફ અને આસપાસના લોકોએ પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડ આવતાની સાથે જ આગ ઓલવવાની કામગીરી શરૂ કરી હતી. જે બે કર્મચારીઓ હોટલમાં મૃત્યુ પામ્યા હતા. તેમની ઓળખ મથુરાના રહેવાસી ઉમેશ (૩૦) અને કાસગંજના રહેવાસી વીરી સિંહ (૪૦) તરીકે થઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે બંને સ્ટોરમાં જ સૂતા હતા, તેમને ત્યાં લાગેલી આગથી બચવાનો મોકો મળ્યો ન હતો. બંને જીવતા સળગતા મૃત્યુ પામ્યા. તે જ સમયે, અન્ય એક કર્મચારી ગંભીર રીતે દાઝી ગયો છે. તે કોઈ હાલતમાં આગમાં ફસાઈ ગયો હતો કે કેમ તે જાણી શકાયું નથી.

સીએફઓ પ્રમોદ વર્માએ જણાવ્યું કે, આગ કયા કારણોસર લાગી તેની તપાસ થઈ રહી છે. શોટ સર્કિટથી આગ લાગવાની આશંકા છે. કોઈ કર્મચારીએ સિગરેટ-બીડી પીને ફેંકી હોય અને આગ લાગી હોય તેની પણ આશંકા છે. હોટલના સીસીટીવીની પણ તપાસ કરવામાં આવશે.

# સાધુ વાસવાણી મીટ લેસ ડે' નિમીતે સમગ્ર ગુજરાતમાં તેમજ દેશભરમાં કતલખાના બંધ રાખવા, નોનવેજના વેચાણ બંધ રખાવવા એનીમલ હેલ્પલાઈન દ્વારા મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરાઈ






એનીમલ હેલ્પલાઈન દ્વારા તા.૨૫/૧૧/૨૦૨૨, શુક્રવારનાં દિવસે કતલખાના, ઈંડા, માસની લારીઓ, દુકાનો બંધ રખાવવા મુખ્યમંત્રીશ્રીને રજુઆત કરવામાં આવી છે. તા.૨૫, નવેમ્બરના રોજ દર વર્ષે 'સાધુ વાસવાણી મીટ લેસ ડે' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની પવિત્રતા અને સમસ્ત ભારતદેશનાં પરીવારોની આસ્થાને ધ્યાનમાં લઈને સમાજની લાગણી ના દુભાય તે માટે ગુજરાતનાં જાહેર કતલખાના તેમજ જાહેર લારી તેમજ દુકાનોમાં વહેંચતા માંસ, ઈંડા અને મચ્છીના વેપાર સદંતર બંધ રાખવા સમસ્ત ધર્મપ્રેમી જનતા વતી ભારત સરકારના એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઇનનાં પ્રતિક સંઘાણી , રમેશભાઈ ઠક્કર , ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠકકર, પારસભાઈ મહેતા દ્વારા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરાઈ છે. તેમજ ગુજરાત સિવાયના બાકીનાં રાજયોમાં તથા કેન્દ્રશાસીત પ્રદેશોમાં પણ સતાધીશોને પત્ર લખી ઈ–મેઈલ દ્વારા પણ કતલખાના તેમજ જાહેર લારી તેમજ દુકાનોમાં વહેંચતા માંસ, ઈંડા અને મચ્છીના વેપાર સદંતર બંધ રાખવા એનીમલ હેલ્પલાઈન દ્વારા વિનંતી કરવામાં આવી છે.

# મોરબી બ્રિજની જેમ ચીનમાં રેઈનબો બ્રિજ તૂટયો હતો, ૪૦ લોકોના મોત થયા હતા

## દોષિતોને ફાંસીની સજા થઇ હતી

બીજીંગ,તા.૩

ગુજરાતના મોરબીમાં મોરબી બ્રિજ તૂટી પડવાની ઘટનામાં અત્યાર સુધીમાં ૧૩૪ લોકોના મોત થયા છે. આ કેસમાં અત્યાર સુધીમાં ૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે. દેશમાં આવા કેસમાં કડક સજાના ઉદાહરણો ભાગ્યે જ જોવા મળે છે. તપાસના નામે કમિટીઓ રચાય છે. પરંતુ સામ્યવાદી ચીનમાં આવા જ એક કેસમાં એક વ્યક્તિને મોતની સજા આપવામાં આવી હતી. આ મામલો લગભગ ૨૩ વર્ષ જૂનો છે. ચીનના એક શહેરમાં પુલ ધરાશાયી થતાં ૪૦ લોકોના મોત થયા છે. જ્યારે ચીને આ મામલાની તપાસ કરી તો તેના કાયદા અનુસાર એક વ્યક્તિ દોષિત ઠર્યો અને ત્યાંની કોર્ટે તેને મોતની સજા સંભળાવી. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

તમને જણાવી દઈએ કે ૪ જાન્યુઆરી, ૧૯૯૯ના રોજ ચીનના કિજિયાંગ કાઉન્ટીમાં એક પુલ તૂટી પડ્યો હતો. રેઈનબો બ્રિજ નામનો આ ૧૮૦ મીટર લાંબો બ્રિજ માત્ર ૩ વર્ષ પહેલા જ બનાવવામાં આવ્યો હતો. આ પુલ દુર્ઘટનામાં ૪૦ લોકોના મોત થયા હતા. જ્યારે ચીનની એજન્સીઓએ આ પુલ દુર્ઘટનાની તપાસ કરી તો તેના નિર્માણમાં ઘણી ખામીઓ સામે આવી.ચીનની એજન્સીઓને જાણવા મળ્યું કે પુલના નિર્માણમાં હલકી ગુણવત્તાના સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમજ અન્ય સામગ્રી નબળી ગુણવત્તાની હતી. સ્ટીલની ગુણવત્તા નબળી હતી અને બાંધકામ દરમિયાન ઈજનેરી નિર્ણયો લેવામાં બેદરકારી હતી.

ઉદાહરણ સેટ કરવા માટે, ચીને આ કેસની અદાલતી કાર્યવાહીનું રાષ્ટ્રીય સ્તરે પ્રસારણ કર્યું. આ કેસમાં કમ્યુનિસ્ટ પાર્ટીના એક અધિકારીને મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી હતી જ્યારે અન્ય દોષિતોને ૩ થી ૧૩ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. દોષિત ઠરેલાઓમાં કોન્ટ્રાકટર, એન્જિનિયર, મટિરિયલ સપ્લાયર્સ અને કેટલાક સરકારી અધિકારીઓનો સમાવેશ થાય છે, જેમને ૩ થી ૧૩ વર્ષની સજા મળી હતી.

અદાલતે ૩૭ વર્ષીય લિન શિયુઆનને મૃત્યુદંડની સજા સંભળાવી, તેણીને લાંચ લેવાનો દોષી ઠેરવ્યો અને તેણીને તેના કામમાં બેદરકારીનો દોષી ઠેરવ્યો. આ સુનાવણી ચોંગકિંગની પીપલ્સ કોર્ટમાં થઈ હતી.

ચીનના સરકારી મીડિયાના અહેવાલ મુજબ, લિને આ કેસમાં ૧૨,૦૦૦ ડોલરની લાંચ લઈને તેના બાળપણના મિત્રને પુલ બનાવવાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે ચીન મોટા પાયે પુલ બનાવી રહ્યું હતું. આ બ્રિજ દુર્ઘટનાને કારણે વિશ્વભરમાં ચીનની ટીકા થઈ હતી અને તેના પર સબસ્ટાન્ડર્ડ બાંધકામને પ્રોત્સાહન આપવાનો આરોપ લાગ્યો હતો. આ પછી, ચીનના બાંધકામ મંત્રાલયે તેના પ્રોજેક્ટમાં સલામતીને મહત્વપૂર્ણ પ્રાથમિકતા આપવાનું વચન આપ્યું હતું.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NGO સાહિત્ય સરિતા (૧)
N G. 39
વિષય - પાનખરે ખરતાં પાંદડા
પ્રકાર - પદ્ય-અછાંદસ
શીર્ષક -- વસંતે મૃત્યુ

પાનખરે ખરે પાન પીળા એ વાત માની શકાય,
ભર વસંતે ખરે પાન લીલા
એ કેમ જીરવી શકાય?
અકાળે ખરવાનું કોઈ કારણ કળી ન શકાય!
એને ખરતાં રોકવાનું ઈશ્વરનાં હાથમાં પણ નહીં હોય!
ચોક્કસ ઈશ્વર રડ્યો હશે પોતાની લાચારી પર!
બનવાનું હોય એ બનીને જ રહે જે તે પળે અફર!
નસીબમાં માંડેલુ કોઈ મિથ્યા નથી કરી શકતું!
હોય નિયતિ જેની જે એ આવીને જ ઉભી રહે!
પ્રાર્થના કરી શકીએ એનાં અકાળે ખરવા પર!
અનહોની ટાળવી એ વાત માણસનાં હાથની...
બેખબર બની જાય છે મન માણસનું
અને ટળતી નથી!
જીવન અને મૃત્યુ
એ માણસના હાથની વાત નથી!
એક પાંદડું પણ હાલતું નથી
ઈશ્વરની મરજી વગર!
ઈશ્વરનો હિસાબ જોવાં ચોપડા ચિત્રગુપ્તનાં ખંખોળવા પડે!
ત્યારે જ પામી શકાય આ સંહારલીલા અરે!
પ્રફુલ્લા 'પ્રસન્ના'

# પંચગવ્ય ડોક્ટર્સ એસોસીએશન અને પંચગવ્ય વિદ્યાપીઠનાં સંયુક્ત તત્વધાનમાં આયોજિત ૧૦મો પંચગવ્ય મહાસંમેલન, ગવ્યસિદ્ધો માટે મહાકુંભ





ગાયનાં દુધ, દહીં, ઘી, ગૌમૂત્ર અને ગોબર(છાણ)નાં પાણીને સામૂહિક રુપે પંચગવ્ય કહેવામાં આવે છે. આયુર્વેદમાં પંચગવ્યને ઔષધિ તરીકે માન્ય રાખવામાં આવ્યું છે.

હિંદુઓના કોઇપણ માંગલિક કાર્ય પંચગવ્ય વિના પૂર્ણ થતું નથી. પંચગવ્યનું નિર્માણ ગાયના દુધ, દહીં, ઘી, મૂત્ર અને ગોબર(છાણ)નાં પ્રમાણસરનાં સંયોજન વડે કરવામાં આવે છે. પંચગવ્ય દ્વારા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારીને રોગોને દૂર કરી શકાય છે. ગૌમૂત્રમાં પ્રતિ ઓક્સીકરણ (એન્ટિઓક્સીડેશન)ની ક્ષમતાને કારણે વ્યક્તિના ડીએનએ (ઢઢ્ઢછ)ને નાશ પામવામાંથી બચાવી શકાય છે. ગોમૂત્રમાં નાઇટ્રોજન, સલ્ફર, એમોનિયા, કોપર, લોહતત્ત્વ, યુરિક એસિડ, યુરિયા, ફોસ્ફેટ, સોડિયમ, પોટેશિયમ, મેગેનીઝ, કાર્બોલિક એસિડ, કેલ્શિયમ, વિટામિન-બી, વિટામિન-એ, ડી, ઈ, એન્ઝાઈમ, લેકટોઝ વગેરે રહેલા હોય છે આથી કેન્સર જેવા રોગો મટાડવા માટે પણ ગૌમૂત્ર ઉપયોગી બને છે. ગાયના ગોબર(છાણ)નું મહત્વ ચામડીનાં રોગોનાં ઉપચારમાં સર્વવિદિત છે. ગાયનું છાણ અત્યંત પવિત્ર મનાય છે.

તેથી આપણા ઘરમાં ભોંયતળિયા પર અને દિવાલો પર ગાયનાં છાણને લીપવામાં આવે છે. ગાયનું છાણ પણ અણુવિકરણ રજનો નાશ કરે છે.

કોઈપણ જાતનાં ચામડીનાં વિકારોના નાશ પાટે ગાયનું છાણ ખૂબ મહત્ત્વનું માનવામાં આવે છે. ગાયનું દૂધ કેલ્શિયમનો એક સારો સ્રોત છે. ગર્ભવતી મહિલાઓને દૂધ પીવાની સલાહ આપવામાં આવે છે કારણ કે તે ભ્રૂણનાં હાંડકાંના નિર્માણ અને તેમના વિકાસમાં મદદ કરે છે.

ગાયનાં દૂધને મેળવવાથી ગવ્યદહીં બને છે. ગાયનું દહીં શરીરમાં વાયુનાં રોગોને મટાડે છે. ગાયના દહીંમાંથી માખણ અને માખણમાંથી ગાયનું ઘી બને છે. ગાયનું ઘી અતિપવિત્ર મનાય છે. ગાયનું ઘી મનને શાંતિ આપનાર તથા ઉકળાટને શાંત કરનાર છે.




પંચગવ્ય ડોક્ટર્સ એસોસીએશન અને પંચગવ્ય વિદ્યાપીઠનાં સંયુક્ત તત્વધાનમાં રાજીવભાઈ દીક્ષિતની ૧૨ મી પુણ્યતિથી નિમિતે ૧૦મો પંચગવ્ય મહાસંમેલન, ગવ્યસિદ્ધો માટે મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સંમેલન ૧૮ થી ૨૦ નવેમ્બરે, સવારે ૪:૩૦ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધી કાન્હા શાંતિવન, ચેગુર માર્ગ, તેલંગાણા ખાતે રાખવામાં આવેલ છે. આ સભામાં ભાગ લેવા માટે www.gavyasiddh.com પર રજિસ્ટ્રેશન કરાવાનું રહેશે. આ અંગે વધુ માહિતી માટે (મો. ૮૯૫૦૦ ૯૫૦૦૦) અને gomaata@gmail.com પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ભરૂચમાં ૨૧૨ મતદારો માટે અલગ પ્રકારનું મતદાન મથક બનાવવામાં આવશેઃ ચુંટણી પંચ

## નર્મદા નદીના ટાપુ ઉપર શિપિંગ કન્ટેનરમાં મતદાન થશે

નવીદિલ્હી,તા.૩

આજે કેન્દ્રીય ચુંટણી પંચે ગુજરાત વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરી છે.ચૂંટણીની તારીખોની જાહેરાત સાથે જ આચારસંહિતા લાગુ થઇ છે. મતદારો વધુ મતદાન અને સરળતાથી કરી શકે તે માટે વિશેષ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. ભરૂચ જિલ્લામાં અન્ય મતદાન મથકોથી અલગમતદાન મથક ઉભું કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે જણાવ્યું હતું કે ભરૂચના આલિયાબેટના ૨૧૨ મતદારો માટે શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઉભું કરવામાં આવશે. અહીંના લોકોને મતદાન માટે ૮૨ કિમિ દૂર થવું પડતું હતું. બેટ ઉપર જત લોકો વસવાટ કરે છે અને બેટ ઉપર એક પણ સરકારી મકાન ન હોવાથી શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઉભું કરવામાં આવશે.

ગુજરાતના ભરૂચ નજીક આલીયાબેટ ટાપુ આવેલો છે. વર્ષ ૨૦૨૧ માં સ્થાનિકો ચૂંટણીઓમાં પંચે પ્રથમ વખત અહીં મતદાન મથક બનાવ્યું હતું. તે સમયે મતદાન મથકમા ૨૦૪ મતદારોએ વોટ આપ્યો હતો. આ પોલિંગ બૂથ એક



સ્કૂલના શેડમાં બનાવવામાં આવ્યું હતું. અહીં લગભગ ૬૦૦ લોકોની વસ્તી છે.ગુજરાતમાં એકમાત્ર ભરૂચના આલીયાબેટમાં શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઉભું કરશે. અલાયદા મતદાન મથકના નિર્માણનો શ્રેય ભરૂચ જિલ્લા કલેકટર તુષાર સુમેરાને જાય છે. ભરૂચ જિલ્લા કલેકટર તુષાર સુમેરાએ ટીવી ૯ને જણાવ્યું હતું કે બેટ ઉપર એકપણ પાકી સ્ટ્રક્ચર નથી. અહીંના અલાયદા મતદાન મથકમાં રહેવા , શૌચાલય અને ગરમી -ઠંડીથી સલામતીની તમામ વ્યવસ્થા રહેશે. છેવાડાના વ્યક્તિને પણ મતાધિકાર મળે તેનો ખ્યાલ રાખવા પ્રયત્ન કરાયો છે.

આલિયા બેટ એ એક નાનો ટાપુ છે જે ભરૂચ જિલ્લામાં ભાડભૂત કિનારાની નજીક સ્થિત છે. તે નર્મદા નદી પરનો એક નાનો ટાપુ છે જેનો વિસ્તાર વિશાળ છે. અહીં પશુપાલનનો વ્યવસાય કરતા જત કોમના લોકો રહે છે. સ્થાનિકો પાસે મોટી સંખ્યામાં ગે , ભેંસ અને ઊંટ છે. બોટમાં ભરૂચ અને હાંસોટના કિનારે પહોંચી સ્થાનિક ગામોમાં તે દૂધનો વ્યવસાય કરે છે. અહીંના સ્થાનિકો ખુબજ પછાત જીવન જીવે છે જેઓ વીજળી માટે સોલર લાઈટ ઉપર નિર્ભર છે. દૂર આપવા જતા લોકો પરત કેનમાં પીવાનું પાણી ભરી લાવે છે.સ્થાનિક આગેવાન મહમદ જતે જણાવ્યું હતુ કે શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઉભું કરવાના નિર્ણયથી અહીંના લોકો મતાધિકારનો ઉપયોગ કરી શકશે. અગાઉ સ્થાનિકોએ બોટમાં કલાદરા ગામ સુધી મતદાનમાટે જવું પડતું હતું જેના કારણે મતાધિકારનો ઉપયોગ કરાતો ન હતો. તંત્રે લોકશાહીની પ્રક્રિયામાં જોડવાના આ પ્રયાસ બદલ આભાર માન્યો હતો.

## ઈઝરાયલમાં સામાન્ય ચૂંટણીઃનેતન્યાહૂ વિજય ભણી

ઈઝરાયલ,તા.૩

ઈઝરાયલમાં સામાન્ય ચૂંટણીના મતદાન બાદ મતગણતરી ચાલુ છે. ૮૫ ટકા મતોની ગણતરી થઈ ચૂકી છે. શરૂઆતના ટ્રેન્ડ મુજબ પૂર્વ પીએમ બેન્ઝામિન નેતન્યાહૂની લિકુડ પાર્ટી જીતી શકે છે. લિકુડ પાર્ટીને ૩૧ સીટો મળશે અને તે કટ્ટરવાદી જમણેરી અને રુઢિવાદી યહૂદી પક્ષો સાથે મળીને બહુમત પ્રાપ્ત કરવામાં સફળ થઈ શકે છે.

૪૦ પક્ષો એવા છે જેમને ૩.૨૫% વોટ ટર્નઓવર પણ નથી મળી રહ્યું એટલા માટે તે નિસેટ(સંસદ) નહીં પહોંચી શકે. નિષ્ણાતો અનુસાર નેતન્યાહૂ જીતશે તો પેલેસ્ટિનીઓને રોકવા માટે બની રહેલી દીવાલનું કામ આગળ વધી શકે છે. નેતન્યાહૂ માને છે કે આંતકવાદ વિરુદ્ધ ઝીરો ટોલરન્સની નીતિ અસરદાર રીતે લાગુ કરવા દીવાલ ઊભી કરવી જરૂરી છે.

ધાર્મિક ઝાયોનિઝમ પાર્ટીના નેતા અને નેતન્યાહૂના ગઠબંધન સહયોગી બેન ગ્વિરે માગ કરી છે કે તેમને નવી સરકારમાં આંતરિક સુરક્ષા મંત્રી બનાવાય. તેનાથી પોલીસ વિભાગ તેમની હસ્તક આવી જશે. બેન ૨૦૦૭માં જાતિવાદ ઉશ્કેરવા બદલ દોષિત જાહેર થયા હતા. તે પ્રતિબંધિત કચ આતંકવાદી જૂથના સમર્થક પણ રહ્યા છે.



## માંસાહારી ઇંડા ને બદલે પૌષ્ટિક ખજૂર ખાવ



### દુનિયાની સૌથી વધુ પૌષ્ટિક ફળોમાંની એક ખજૂર છે.

આ સીઝન ખજુરની છે. ખજૂર પાક બનાવીને ખાઓ કે છૂટક પાંચ-દસ ખજૂરની પેસી ખાવ પણ ખજૂર દરરોજ ખાવ. દુનિયાની સૌથી વધુ પૌષ્ટિક ફળોમાંની એક ખજૂર છે. કયારેક ખજૂરના ભજીયા પણ બનાવીને ખવાય.

જામનગરની જે ભારતીય ખજૂર આવે છે (સીડલેસ) એ ગુણકારી નથી. પણ આરબ દેશોની જે કાળી ખજૂર આવે છે એ જ ગુણકારી છે.

ખજુર ૧૦૦ રૂ?. થી માંડી ૨૦૦૦ રૂા. કીલો સુધીની મળે છે. મોઢામાં મુકતા ચોકલેટની જેમ ગળી જવાય એવી પણ ખજુર આવે છે. ખજૂર ચોખ્ખા પાણીથી ધોઈને ખાવી સારી બાકી સારી ખજુર ન ધુઓ તો પણ ચાલે ૧૦૦ ગ્રામ ખજૂરમાં ૨૭૫ કેલેરી એનર્જી, ૨૨.૫૦ ગ્રામ પાણી, ૧.૯૭ ગ્રામ પ્રોટીન, ૦.૪૫ ગ્રામ ફેટ (ટોટલ લિપિડ), ૭૩.૫૧ ગામ કાર્બોહાઈડ્રેટ, ૭.૫ ગ્રામ ફાઈબર, ૧.૫૮ ગ્રામ કાર્બન, ૩૨ મિલિયમ કેલ્શયમ, ૧. ૯૫ મિલિયમ આયરન, ૩૫ મિલિયમ મેગ્નેશિયમ, ૪૦ મિલિયમ ફોસ્ફરસ, ૬૫૨ મિલિયમ પોટેશ્યમ, ૩ મિલિયમ સોડીયમ અને એ, બી, બી–૨, બી-૧૨ વિટામીન હોય છે. જેઓ ઈંડા ખાય છે એ કરતાં ખજૂર ખાવી હજાર દરજજે સારી. ઈંડા તો સડેલા હોય છે ઈંડા તાકાત આપે છે એ ભ્રમ છે. તાકાત તો ખજૂર કે દૂધ જે આપે છે, એનો એક ટકો પણ ઈંડા નથી આપતા. ખજૂરથી થતા ફાયદાઓ ઘણા છે એ નબળાઈ કમજોરી દૂર કરે છે, બ્લડપ્રેશર ઘટાડે છે, કબજીયાત નથી કરતી, નવર્સ સીસ્ટમ સ્વસ્થ રાખે છે, પેટ અને આંતરડાના કેન્સર સામે લડે છે, કોલેસ્ટ્રોલ ઘટાડે છે, આંખોનો પ્રકાશ સુધારે છે, એનીમીયા દૂર કરે છે અને એનર્જી વધારે છે. વળી યુરીનની ચિકિત્સા કહે છે કે એ કિડની અને મુત્ર વિસર્જન તંત્રને મજુબત કરે છે અને ફેફસાની તકલીફો દૂર કરે છે.ગર્ભવતી મહિલાઓને થતી કેટલીક સમસ્યાઓથી એ છુટકારો અપાવે છે. ગર્ભાશયની દિવાલોને એ મજબૂત કરે છે. બાળકના જન્મની પ્રક્રિયા એથી સરળ થાય છે. એટલે ગભર્વતીએ તો ખજુર ખાસ ખાવી જ. ખજુરમાં રહેલા ગ્લુકોઝ અને ફકટોઝના કારણે એમાંથી નૈસર્ગિક સાકર શરીરને મળે છે. ખજૂર ઉતમ ટોનીક છે.

# પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ રાજ્યની જનતાને કોંગ્રેસને મતદાન કરવા માટે આહવાન કર્યુ

ગાંધીનગર,તા.૩

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ રાજયની જનતાને કોંગ્રેસને મતદાન કરવા માટે આહવાન કર્યુ છે. ભાજપને સત્તામાથી દુર કરવા માટે કોંગ્રેસને મતદાન કરવું જોઈએ તેમ તેમણે જણાવ્યુ હતું. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શંકરસિંહ વાઘેલાનો જૂકાવ કોંગ્રેસ તરફી જોવા મળી રહ્યો છે. આ પહેલા શંકરસિંહ વાધેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાધેલા કોગ્રેસમાં જોડાઈ ગયા હતા.

શંકરસિંહ વાઘેલા પ્રધાનંત્રી નરેન્દ્ર મોદીએ મોરબી દુર્ઘટનામાં મોડેથી મુલાકાત લેતા તેને લઈને અનેક સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતુ કે, પ્રધાનમંત્રીને જો દુ:ખ હતુ તો ટોપી કેમ પહેરી રાખી તેમની વેશભૂષામાં કેમ કોઇ પરિવર્તન ના આવ્યુ. ગળામાથી મગરના આસુ સાર્યા હતા. લોકોના લાગણી જીતવા પ્રયાસ કર્યો હતો. પ્રજાના ખર્ચે વાહ વાહી કરે છે.

શંકરસિંહે પ્રધાનમંત્રીના મોરબી હોસ્પિટલમાં લીધેલી મુલાકાત પહેલા જે રંગરોગાન કર્યું હતુ તેના પર જણાવ્યું હતુ કે, તમે કોઈના રિસેપ્શનમાં જઇ રહ્યા છો તે રંગરોગાન કરવામાં આવ્યું. પાણીમાં પડવાથી ફેક્ચર ના થાય તેમ છતા દર્દીના પગલમાં ફેક્ચરનો પાટો લાગવામાં આવ્યો. પશ્રિમ બંગાળમાં જે પુલ પડ્યો ત્યારે ત્યાના મુખ્યમંત્રીને ઉતારી પાડવા માટે એક્ટ ઓફ ગોડનું ભાષણ આપ્યું હતુ. તો તમારા મુખ્યમંત્રી સામે કેમ તે લાગુ ના પડે તેવા સવાલ તમણે ઉઠાવ્યા હતા. લોકો ડૂબીના મર્યા છે. તેમને સળીયા વાગ્યા છે. લોકોના ઘા પર મીઠુ ભભરાવાનું કામ પ્રધાનમંત્રીએ કર્યુ હોવાનો આક્ષેપ કર્યો હતો. પ્રજાના કરોડો રૂપિયાના ખર્ચે દિલ્હીથી અપ અન્ડ ડાઉન્ કરવામાં આવે છે . તેમને ખબર છે કે, આ વખતે મેળ નથી પડવાનો. લોકોને બસ અને ટ્રેનમાં પણ નથી પોસાતુ વડાપ્રધાનની એક મર્યાદા હોય છે. પ્રધાનમંત્રી પદને નચલા સ્તરનું પદ બનાવી દિધુ છે. ગુજરાત સરકારના ઉશારે ઓરેવા કંપનીના માલિકોને પોલીસ બચાવી રહ્યા હોવાનો આક્ષેપ પણ તેમના દ્વારા કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતુ કે, દિવા જેવું સ્પષ્ટ છે કે, પોલીસ નાના માણસોને પકડી રહી છે. જે લોકોએ રીબિન કાપીને લોકોને મરવા માટે આમત્રણ આપ્યુ તેને નથી પકડી રહી કોના ઈશારે પોલીસ કામ કરી રહી છે નગરપાલિકાએ જેને કોંટ્રેક્ટ આપયો તેના પર કેસ કરવો જોઇએ

શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતુ કે, ભાજપના લોકોએ ફ્રોડ કર્યુ છે. તેના લીધે લોકો મર્યા છે દિવસના ત્રણ કાર્યક્રમ કરે છે હેલિકોપ્ટરથી મોરબી જઇ શકાતુ હતું કેમ ના ગયા. ગુજરાતને દેવાદાર કરી નાખ્યા છે. ૨૫ વર્ષ સુધી કેમ ખાત મુહુર્ત કે લોકાર્પણ કરવાનો સમય ૧૫ દિવસમાં જ મળ્યો છે. કોરોડો રૂપિયાનો જાહેરાતો કરવામાં આવે છે. ગુજરાતની જનતાએ આ પ્રકારના લોકોથી બચવું જોઇએ.

# મોરબી અસરગ્રસ્તોને શ્રધ્ધાંજલી સાથે વડતાલમાં કાર્તિકી સમૈયાનો દબદબા ભેર પ્રારંભ

### ભગવાનનાં સંતો - ભક્તોને રાજી કરવાથી ભગવાન રાજી થાય : પૂ.જ્ઞાનજીવન સ્વામી



વડતાલઃ અક્ષરધામ તુલ્ય વડતાલ સ્વા.મંદિર દ્વારા રૂપિયા ૨૦૦ કરોડનાં ખર્ચે ગોમતી કિનારે તૈયાર થનાર નૂતન અક્ષરભુવન (મ્યુઝિયમ)નાં ઉપલક્ષમાં કાર્તિકી સમૈયાનો કારતક સુદ – ૯ ના રોજ દબદબા ભેર પ્રારંભ થયો હતો. આ પ્રસંગે સંપ્રદાયનાં સંતો-મહંતો સહિત મોટી સંખ્યામાં હરિભક્તો ભગવાન શ્રીહરિએ વડતાલમાં બાધેલા કાર્તિકી (પ્રબોધિની) સમૈયાનો લાભ લેવા ઉમટી પડ્યા હતાં. ભગવાન શ્રીહરિએ પોતાના આશ્રિતોને વણતેડે કાર્તિકી અને ચૈત્રી સમૈયામાં વડતાલ આવવાની આજ્ઞા કરી છે.

કથાના વક્તા પૂ.જ્ઞાનજીવન સ્વામીએ જણાવ્યું હતું કે, ભગવાનના સંતો-ભક્તોને રાજી કરવાથી ભગવાન રાજી થાય છે. પ્રસાદીની વસ્તુઓનાં દર્શન થાય તે આપણા બહુ મોટા અહોભાગ્ય છે. ઉપાસના વિના કોઈ કાર્ય સિધ્ધ થતુ નથી. ભગવાન પૃથ્વી પર આવ્યા તેનો મુખ્ય હેતુ માત્ર અને માત્ર આત્માનું કલ્યાણ કરવાનો હેતુ હતો. દરેક જીવને અક્ષરધામમાં લઈ જવાનો હતો. યેનકેન પ્રકારે અનેક જીવોના કલ્યાણ થાય તે માટે શ્રીહરિ દ્વારા સંપ્રદાયનું સ્થાપન કરવામાં આવ્યું હતું. જીવ માયિક વાસના છોડે અને પ્રભુમાં પ્રિતી કરે તે મુખ્ય હેતુ હતો. શ્રીહરિએ પામર જીવને તારવા માટે ઉપાયો કરવાની આજ્ઞા કરી છે. પરમાત્માએ જે જે અવતારે જે જે સ્થાનકને વિશે લીલાઓ કરી તેને સંભાળી રાખવી. સાધુ – બ્રહ્મચારી – સત્સંગીને સંભાળી રાખવા અને તેમાં હેત રાખવુ. ભગવાનની સ્મૃતિ એટલે કલ્યાણ અને ભગવાનની વિસ્મૃતિ એટલે કઠણાઈ. કથાના પ્રારંભમાં પૂ.જ્ઞાનજીવન સ્વામી સહિત સૌ સંતો – હરિભક્તોએ મોરબી દુર્ઘટનામાં મૃત્યુ પામેલ જીવાત્માઓની શાંતિ અર્થે ધૂન બોલાવી બે મિનીટ મૌન રાખી શ્રધ્ધાંજલી અર્પી હતી. બુધવારે સવારે વડતાલ જ્ઞાનબાગથી બેન્ડવાજા અને ઢોલ નગારનાં તાલે ભવ્ય પોથીયાત્રા વાજતે ગાજતે વડતાલ મંદિરમાં આવી હતી. આ પોથીયાત્રામાં શણગારેલા ટ્રેક્ટરો અને બગીમાં સંતો – મહંતો બિરાજયા હતાં. મહોત્સવના યજમાન ભુપેન્દ્રભાઈ પટેલ તથા પરિવારનાં સભ્યોએ ભગવાનનાં વાઘા તથા મહિલાઓએ પોથીયાત્રા લઈ જોડાયા હતાં. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તોએ સ્વામિનારાયણ મહામંત્ર ધૂનની રમઝટ બોલાવી હતી. પૂ.શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી, પૂ.શા.શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામી, પૂ.શ્રી રાધારમણદાસજી સ્વામી, પૂ.શ્રી વિવેક સ્વામી, પૂ.શ્રી મોહન સ્વામી – નાર, પૂ.શ્રી ગોવિંદપ્રસાદદાસજી સ્વામી, પૂ.શ્રી બ્ર.પ્રભુતાનંદજી – ટ્રસ્ટી સભ્યશ્રી, પાર્ષદવર્ય શ્રી ભાસ્કરભગત, પાર્ષદવર્ય શ્રી લાલજીભગત - જ્ઞાનબાગ, પાર્ષદવર્ય શ્રી ઘનશ્યામભગત – ટ્રસ્ટીશ્રી, પૂ.શ્રી મુનિ સ્વામી – કુંડળધામ, પાર્ષદવર્ય શ્રી વિઠ્ઠલભગત - ભૂમેલ તથા પ.ભ.શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ - યજમાનશ્રી દ્વારા દિપપ્રાગટ્ય કરવામાં આવ્યુ હતું. જ્યારે સત્સંગ મહાસભાનાં પ્રમુખ શા.નૌતમપ્રકાશ સ્વામીએ મંગલ પ્રવચન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુખ્ય કોઠારી ડૉ.સંતવલ્લભદાસજી સ્વામીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્યામવલ્લભ સ્વામીએ કર્યું હતું. વડતાલનાં દેવોને છપ્પન ભોગ અન્નકૂટ ધરાવાયો.

વડતાલ સ્વા.મંદિરમાં બિરાજતા શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રીહરિકૃષ્ણ મહારાજ સહિત આદિ દેવોને બુધવારનાં રોજ વિવિધ વાનગીઓ સાથેનો છપ્પન ભોગ અન્નકૂટ ધરાવાયો હતો.

આ પ્રસંગે સવારે મંદિરનાં ઘૂમ્મટમાં ગોવર્ધન પૂજા કરવામાં આવી હતી. આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા નાના લાલજી શ્રી દ્વિજેન્દ્રપ્રસાદજી મહારાજે અન્નકૂટ આરતી ઉતારી હતી. પૂજારીશ્રી હરિકૃષ્ણાનંદજીએ મહારાજશ્રી તથા લાલજી મહારાજનું પુષ્પમાળા પહેરાવી સ્વાગત કર્યું હતું.

# ગુજરાત ચૂંટણી પસંદગી સમિતિના સભ્યોશ્રીઓની બેઠક પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે શરૂ થઇ



આ બેઠક પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતામાં તેમજ દેશના સહકારમંત્રી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ, રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી તેમજ ગુજરાતના સહ પ્રભારીશ્રી સુધીર ગુપ્તાજીની વિશેષ ઉપસ્થિતિમાં શરૂ થઇ.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે ગુજરાત ચૂંટણી પસંદગી સમિતિના સભ્યોશ્રીઓની બેઠક પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતામાં તેમજ દેશના સહકારમંત્રી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ, રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી તેમજ ગુજરાતના સહ પ્રભારીશ્રી સુધીર ગુપ્તાજીની વિશેષ ઉપસ્થિતિમાં શરૂ થઇ.

આ બેઠકમાં અરવલ્લી જિલ્લાની ૩ બેઠક,સાબરકાંઠા જીલ્લાની ૪ બેઠક,મહિસાગર જિલ્લાની ૩ બેઠક, બનાસકાંઠા જિલ્લાની ૯ બેઠક, સુરેન્દ્રનગર જિલ્લાની ૫ બેઠક, પોરબંદરની ૨ બેઠક, ડાંગ જિલ્લાની એક બેઠક, વલસાડ જિલ્લાની ૫ બેઠક, તાપી જિલ્લાની ૨ બેઠક, નર્મદાના જિલ્લાની ૨ બેઠક, મોરબી જિલ્લાની ૩ બેઠક, રાજકોટ જિલ્લાની ૫ બેઠક, રાજકોટ શહેરની ૩ બેઠક એમ કુલ ૪૭ બેઠક પર ચૂંટણી પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

આ બેઠકમાં પ્રદેશના મહામંત્રીશ્રીઓ શ્રી પ્રદિપસિંહ વાઘેલા, શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, શ્રી રજનીભાઇ પટેલ, શ્રી વિનોદભાઇ ચાવડા, કેન્દ્રીયમંત્રીશ્રી ડો.મનસુખભાઇ માંડવીયા, કેન્દ્રીયમંત્રીશ્રી પુરષોત્તમભાઇ રૂપાલા, પુર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, પુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, શ્રી ભુપેન્દ્રભાઇ ચુડાસમા,રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી, સહિતના આમંત્રીત સભ્યોશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)

# કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન દ્વારા 'સેવાકીય સંસ્થાઓ, એન.જી.ઓ માટે નાણાકીય અનુપાલન' વિષય પર વેબિનાર યોજાયો



કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન દ્વારા 'સેવાકીય સંસ્થાઓ, એન.જી.ઓ માટે નાણાકીય અનુપાલન' વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારમાં સેવાકીય સંસ્થાઓને ઈક્રમ ટેક્સનાં કાયદાઓ જેવા કે ૮૦ય, કોર્પોરેટ – સોશિયલ રિસ્પોન્સિબિલિટી (ઝજીઇ) વગેરે જેવા કાયદાઓ તેમજ અન્ય કાયદાઓ અને નિયમોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. આ વેબીનારમાં મુંબઈથી ઝઇ હસમુખભાઈ જોબનપુત્રા મુખ્ય વક્તાની ભૂમિકા ભજવી. હસમુખભાઈ જોબનપુત્રાએ વિવિધ સેવા કાર્યો કરવા માટે ટ્રસ્ટનાં નિર્માણ અંગેનું વિવિધ માર્ગદર્શન આપ્યું. ઘણી વખત સંસ્થાઓમાં પ્રોફેશનલ એપ્રોચ અને એક્સપર્ટીઝની કમી હોય છે તેના કારણે ટ્રસ્ટ કાયદાકીય રીતે કાર્ય કરવાનું ચુકી જતું હોય છે અને પછીથી તેને પેનલ્ટી ભરવી પડે છે. જ્યારે સંસ્થામાં દાન આવે છે ત્યારે સંસ્થાની પોતાની જવાબદારી બને છે કાયદેસર રીતે જે રૂપિયા સેવામાં વાપરી શકાતા હોય એટલા જ્યુડીશલી વાપરવા. ઘણી વખતે જાણકારીનાં અભાવે કે પછી કાયદાકીય નીતિ – નિયમો ધ્યાનમાં ન લેતા દાનની રકમ સેવા કાર્યો માટે વાપરી નાખવામાં આવે છે અને પછી સંસ્થાને પેનલ્ટીનો ભોગ બનવું પડે છે. સૌ પ્રથમ ટ્રસ્ટ બનાવવા ઈચ્છતી સંસ્થાઓને ટ્રસ્ટડીડ બનાવવું પડે છે જેમાં સંસ્થા શું અને કેવું કાર્ય કરવા માંગે છે તે અંગેની વિગતો દર્શાવવામાં આવે છે. જેમાં પ્રોપર્ટી, ઓબ્જેક્ટસ અને ટ્રસ્ટીઓનાં નામની યાદીઓ લખવામાં આવે છે. તે બનાવ્યા પછી ૯૦ દિવસમાં ચેરીટી કમિશ્નર પાસે રજીસ્ટ્રેશન કરવાનું રહે છે પછી તેમની ઈક્વાયરી થાય છે. જેમાં એમનો મુખ્ય ઉદેશ જે તે ટ્રસ્ટનો સેવાકીય હેતુ જાણવાનો હોય છે. એ પછી ટ્રસ્ટ રજીસ્ટર પબ્લિક ટ્રસ્ટ બને છે પછી જ એનું બેંક એકાઉન્ટ ખુલે છે. સંસ્થાઓ માટે પોતાના કાર્યોનાં પ્રૂફ રાખવા સૌથી મહત્વનું છે. જયારે સંસ્થાઓને પૈસે કોઈ પાસેથી ઉધાર લેવા હોય તો ચેરીટી કમિશ્નરની પરમીશનથી જ લઇ શકાય છે. રજીસ્ટ્રેશન પછી સંસ્થામાં કોઈ ફેરફાર થાય છે તો તેને ૯૦ દિવસમાં 'ચેન્જ રીપોર્ટ' તરીકે રજીસ્ટર કરાવવું જરૂરી છે. ટ્રસ્ટનાં સંપૂર્ણ એકાઉન્ટ્સ મેઈન્ટેન કરવા પડે છે અને દરેક ટ્રસ્ટે કાયમ એપ્રિલથી માર્ચનું જ ફાયનાન્સીયલ વર્ષ રાખવું પડે છે. વર્ષની શરૂઆત પહેલા જ ૨૮ ફેબ્રુઆરીની પહેલા બજેટ ફાઈલ કરવું પડે છે. ડોનરને ટેક્સ એક્સેપ્શન મળે માટે ૮૦પ્ર ફાઈલ કરવું જોઈએ. ટ્રસ્ટને એક ક્ર્રહ અને ક્ર્રહ નંબર ફરજીયાત લેવું પડે છે. દરેક ટ્રસ્ટને એકાઉન્ટ ઓડીટ કરાવવું જોઈએ. જ્યારે કોઈ મોટું દાન આવે છે અને તેને જે – તે સમય વાપરવાને બદલે ભવિષ્ય પર વાપરવાનું મુલતવી રખાય છે ત્યારે ઈક્રમ ટેક્સ ડીપાર્ટમેન્ટને તેની જાણકારી આપવી જરૂરી બને છે. પ્રોપર ટેક્સ પ્લાનિંગ માટે ચેરીટેબલ ટ્રસ્ટ માટે કેટલા એક્ઝમશન્સ મળે છે તો તેની સંપૂર્ણ જાણકારી મેળવવી જોઈએ. સંસ્થાઓએ ૧૦ હજારથી વધુ રોકડ રકમ ન ચૂકવવી જોઈએ અને ચેકથી પેમેન્ટ કરવું જોઈ આવી જ રીતે એમણે ૨ લાખથી વધુ કેશ ડોનેશન ન સ્વીકારવું જોઈએ. આવા અનેક નીતિ – નિયમોનું પાલન કરવું જોઈએ. આવી બાબતો હસમુખભાઈ જોબનપુત્રા દ્વારા સમજાવવામાં આવી. આ વેબીનારનું સંચાલન કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન – રાજકોટનાં પ્રમુખ મિત્તલ ખેતાણી અને સદભાવના વૃદ્ધાશ્રમનાં ટ્રસ્ટી ધીરેન્દ્ર કાનાબાર દ્વારા કરવામાં આવ્યું હતું. વેબિનાર એનીમલ હેલ્પલાઈનનાં ફેસબુક પર લાઈવ કરવામાં આવ્યો હતો જેમાં સેંકડો લોકોએ ભાગ લીધો હતો.

### મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી આજે ગાંધીનગરથી 'અવસર રથ'ને પ્રસ્થાન કરાવશે : મતદાન જાગૃતિ માટે 'અવસર લોકશાહીનો' અભિયાન

ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨માં મતદાન વધારવાના ઉદ્દેશ સાથે 'અવસર લોકશાહીનો' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગત ચૂંટણીઓમાં જે વિસ્તારોમાં મતદાન પ્રમાણમાં ઓછું થયું છે તેવા વિસ્તારોમાં વિશેષ જનજાગૃતિ માટે 'મિશન-૨૦૨૨' હાથ ધરવામાં આવ્યું છે.

મિશન-૨૦૨૨ અંતર્ગત નાગરિકોને મતદાન માટે પ્રેરિત કરવા ગુજરાતના ૧૧ ઝોનમા 'અવસર રથ' ફરશે. ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી આવતીકાલે તા. ૩ જી નવેમ્બરે, ગુરુવારે સવારે ૧૧.૩૦ કલાકે ગાંધીનગર કલેકટર કચેરીના પ્રાંગણથી 'અવસર રથ'ને પ્રસ્થાન કરાવશે. આ અવસરે અધિક મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી કુલદીપ આર્ય, ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે. અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# મુખ્ય નિર્વાચન અધિકારીનું 'અવસર લોકશાહીનો' અભિયાન

## નાગરિકોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા

## મિશન-૨૦૨૨ : આજથી 'અવસર રથ' ફરશે

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ માં મતદાનની ટકાવારી અને નાગરિકો ઉત્સાહભેર મતદાન કરવા પ્રેરાય એવા ઉદ્દેશથી ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા 'અવસર લોકશાહીનો' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. રાજ્યમાં ગત ચૂંટણીઓમાં પ્રમાણમાં જ્યાં ઓછું મતદાન થયું હતું તેવા ૨૦૨૨ મતદાન મથકોને ધ્યાનમાં લઈને આ વિસ્તારોમાં નાગરિકોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા 'મિશન-૨૦૨૨' હાથ ધરવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં તા. ૩ નવેમ્બર થી ૧૭ નવેમ્બર દરમિયાન 'અવસર રથ' ફરશે અને મતદાન જાગૃતિ માટે વિશેષ પ્રયત્નો કરશે.

મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ આજે ગાંધીનગર કલેકટર કચેરી ખાતેથી 'અવસર રથ'ને પ્રસ્થાન કરાવ્યું હતું. આ અવસરે અધિક મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી કુલદીપ આર્ય, ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે., મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના શ્રી રિક્રેશ પટેલ તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વલસાડ, સુરત, વડોદરા, પંચમહાલ, આણંદ, અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, રાજકોટ, જામનગર અને ભાવનગર એમ કુલ ૧૧ ઝોનમાં ૧૧ 'અવસર રથ' ફરશે. ૧૭ મી નવેમ્બર સુધી આ 'અવસર રથ' નિયત રૂટ ઉપર ફરીને મતદાન જાગૃતિનું કાર્ય કરશે.

'અવસર લોકશાહીનો' ના 'મિશન-૨૦૨૨' અંતર્ગત મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા ઓછુ મતદાન થવા પાછળના સંભવિત કારણો શોધીને સુધારાત્મક ઉપાયો કરવામાં આવ્યા છે. એટલું જ નહીં આગામી ચૂંટણીમાં આવા મતદાન મથકો ઉપર મતદાનની ટકાવારી વધે તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

'અવસર લોકશાહીનો' અંતર્ગત બૂથ લેવલ ઑફિસર કક્ષા સુધી 'ચુનાવ પાઠશાલા'ની બેઠકો કરવામાં આવી છે. ૫૧,૭૮૨ મતદાન મથકોએ આવી બેઠકો કરવાનું આયોજન છે. બૂથ લેવલ અધિકારીઓ દ્વારા સ્થાનિક કક્ષાએ વ્હોટસએપ ગ્રુપ બનાવીને, સ્થાનિક કક્ષાએ વ્હોટસએપ ગ્રુપમાં જોડાઈ મતદાન અંગે જાગૃતિ લાવવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.શહેરી વિસ્તારોમાં મતદારોની મતદાન પ્રત્યેની નિરસતા દૂર કરીને, વિવિધ રચનાત્મક કાર્યક્રમો દ્વારા મતદાન પ્રત્યેની જાગૃતિ વધારવા માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મતદારોને મતદાન મથકે સુખદ અનુભવ થાય તે માટે તમામ મતદાન મથકે જરૂરી પ્રાથમિક સુવિધાઓ સહિત અન્ય સુવિધાઓ જેવી કે, પાર્કિંગ, પીવાનું પાણી, શૌચાલય, શેડ, વૃધ્ધો-અશક્તો-દિવ્યાંગો માટે મદદનીશ સહિતની વિશેષ સુવિધાઓ મતદાન મથકે ઉપલબ્ધ કરાવાશે.શાળાઓ-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને આગામી ચૂંટણીમાં મતદાન કરવા અંગેના સંદેશા પાઠવવામાં આવ્યા છે. સોસાયટીના ચેરમેન, સંચાલકોને સોસાયટીના તમામ સભ્યો આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણીમાં મતદાન કરવા પ્રેરણા આપે એ અંગે પત્ર લખીને અપીલ કરવામાં આવી છે.

# નાગરિકોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા મુખ્ય ચૂંટણી અધિકારીએ 'અવસર રથ'ને પ્રસ્થાન કરાવ્યું

ગાંધીનગર,તા.૩

રાજ્યમાં ગત ચૂંટણીઓમાં પ્રમાણમાં જ્યાં ઓછું મતદાન થયું હતું તેવા ૨૦૨૨ મતદાન મથકોને ધ્યાનમાં લઈને આ વિસ્તારોમાં નાગરિકોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા 'મિશન-૨૦૨૨' હાથ ધરવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં ૩ નવેમ્બર થી ૧૭ નવેમ્બર દરમિયાન 'અવસર રથ' ફરશે અને મતદાન જાગૃતિ માટે વિશેષ પ્રયત્નો કરશે.મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી. ભારતીએ આજે ગાંધીનગર કલેકટર કચેરી ખાતેથી 'અવસર રથ'ને પ્રસ્થાન કરાવ્યું હતું. આ અવસરે અધિક મુખ્ય નિર્વાચન અધિકારી કુલદીપ આર્ય, ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે., મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના રિક્રેશ પટેલ તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વલસાડ, સુરત, વડોદરા,પંચમહાલ, આણંદ, અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા,રાજકોટ,જામનગર અને ભાવનગર એમ કુલ ૧૧ ઝોનમાં ૧૧ 'અવસર રથ' ફરશે. ૧૭મી નવેમ્બર સુધી આ 'અવસર રથ' નિયત રૂટ ઉપર ફરીને મતદાન જાગૃતિનું કાર્ય કરશે.'અવસર લોકશાહીનો' ના 'મિશન-૨૦૨૨' અંતર્ગત મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા ઓછુ મતદાન થવા પાછળના સંભવિત કારણો શોધીને સુધારાત્મક ઉપાયો કરવામાં આવ્યા છે. એટલું જ નહીં આગામી ચૂંટણીમાં આવા મતદાન મથકો ઉપર મતદાનની ટકાવારી વધે તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. 'અવસર લોકશાહીનો' અંતર્ગત બૂથ લેવલ ઑફિસર કક્ષા સુધી 'ચુનાવ પાઠશાલા'ની બેઠકો કરવામાં આવી છે. ૫૧,૭૮૨ મતદાન મથકોએ આવી બેઠકો કરવાનું આયોજન છે. બૂથ લેવલ અધિકારીઓ દ્વારા સ્થાનિક કક્ષાએ વ્હોટસએપ ગ્રુપ બનાવીને, સ્થાનિક કક્ષાએ વ્હોટસએપ ગ્રુપમાં જોડાઈ મતદાન અંગે જાગૃતિ લાવવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.શહેરી વિસ્તારોમાં મતદારોની મતદાન પ્રત્યેની નિરસતા દૂર કરીને, વિવિધ રચનાત્મક કાર્યક્રમો દ્વારા મતદાન પ્રત્યેની જાગૃતિ વધારવા માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

મતદારોને મતદાન મથકે સુખદ અનુભવ થાય તે માટે તમામ મતદાન મથકે જરૂરી પ્રાથમિક સુવિધાઓ સહિત અન્ય સુવિધાઓ જેવી કે, પાર્કિંગ, પીવાનું પાણી, શૌચાલય, શેડ, વૃધ્ધો-અશક્તો-દિવ્યાંગો માટે મદદનીશ સહિતની વિશેષ સુવિધાઓ મતદાન મથકે ઉપલબ્ધ કરાવાશે.

### અવસર છે લોકશાહીનો-ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨

# ચૂંટણી સંચાલન સંસ્થાઓને સામૂહિક પ્રયાસોથી લોકતાંત્રિક ધોરણો અને પ્રક્રિયાઓ વધુ સંગીન કરવા માટે કાર્યવાહી કરવા અનુરોધ : ઈ.સી. શ્રી અનુપચંદ્ર પાંડે

### ભારતના ચૂંટણી પંચ દ્વારા 'ચૂંટણી : સત્યનિષ્ઠા અંગેના સામુહિક પ્રયાસ તરીકે ચૂંટણી સંચાલન સંસ્થાઓની ભૂમિકા, માળખું અને ક્ષમતા' અંગે યોજાયેલી બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું સમાપન



ભારતના ચૂંટણી પંચ દ્વારા આયોજિત 'ચૂંટણીઃ સત્યનિષ્ઠાના સામુહિક પ્રયાસ તરીકે ચૂંટણી સંચાલન સંસ્થાઓની ભૂમિકા, માળખું અને ક્ષમતા' અંગે યોજાયેલ બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદની સમાપન સભાનું ચૂંટણી કમિશનર શ્રી અનુપચંદ્ર પાંડેની ઉપસ્થિતિમાં સમાપન થયું હતું. સમાપન સમારોહમાં ચૂંટણી કમિશનર શ્રી અનુપચંદ્ર પાંડેએ કહ્યું કે, લોકશાહી માટે ચૂંટણીઓ ખુબ મહત્વપૂર્ણ હોઇ, ચૂંટણી સંચાલન સંસ્થાઓ દ્વારા ચૂંટણીઓ યોજવા અંગેની કાર્યક્ષમતાની ગુણવત્તા તેઓ સ્વતંત્રપણે પડકારોને કેવી અસરકારકતાથી પાર પાડે છે તેના પર આધારિત છે. તેમણે તમામ ચૂંટણી સંચાલન સંસ્થાઓને લોકતાંત્રિક મૂલ્યો અને પ્રક્રિયાઓને વધુ સંગીન બનાવવાની તેમજ સામુહિક પ્રયાસ માટે તમામ સુસંગત પ્લેટફોર્મ્સને વેગ આપવા અનુરોધ કર્યો હતો.

ચૂંટણી કમિશનર શ્રી પાંડેએ વૈશ્વિક સ્તરે ચૂંટણી સંચાલન સંસ્થાઓને પડકારતા ધ્રુવીકરણ, લોકવિભાવનાવાદ, મતદારોની ઉદાસીનતા વગેરે જેવી સમસ્યાઓના નિવારણ માટે સંગઠિત પ્રયાસો, નિયમિત ધોરણે સામુહિક સહકાર અને નિરંતર જ્ઞાનની આપ-લે કરવા પર ભાર મૂક્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણીઓ યોજવા માટે મતદાર યાદીનું વ્યવસ્થાપન, મતદાન વ્યવસ્થાપન, ચૂંટણી પ્રૌદ્યોગિકી, ખોટી માહિતી અને ખોટા સમાચાર પર નિયંત્રણ, સાયબર સુરક્ષા અને અન્ય તમામ સંબંધિત પાસાઓ અંગે વૈશ્વિક ધોરણો અને સંચાલન કાર્યપદ્ધતિઓ વિકસાવવાની જરૂર છે.

શ્રી પાંડેએ જણાવ્યું હતું કે, લોકતાંત્રિક ચૂંટણી પ્રક્રિયાને સંગીન બનાવવા માટે લોકશાહી પરંપરાઓને વધુને વધુ ઉજાગર કરે તેવા પ્રયાસ હાથ ધરવા જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ક્ષમતા નિર્માણ માટે ચૂંટણી સંચાલન સંસ્થાઓને વધુ અસરકારક રીતે સહાય કરવા માટે સહભાગી સંસ્થાઓની ભૂમિકા ફરીથી નક્કી કરવાની જરૂર છે.

બે દિવસો દરમિયાન યોજાયેલ ત્રણ સત્રોમાં વિગતવાર વિચાર-વિમર્શ કરવામાં આવ્યા હતા. "ચૂંટણી સંચાલન સંસ્થાઓ સામેના વર્તમાન પડકારો" અંગેનું પ્રથમ સત્ર મોરેશિયસના ચૂંટણી કમિશનરના અધ્યક્ષપદે યોજાયું હતું. આ સત્રમાં મેક્સિકો, ચિલી, નેપાળ અને ગ્રીસના ચૂંટણી સત્તાધિકારીઓ દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. ચૂંટણી સંચાલન સંસ્થાઓ અને ચૂંટણી સત્તાતંત્રો દ્વારા મુક્ત, ન્યાયી, પારદર્શી અને વિશ્વસનીય ચૂંટણી માટે કરવામાં આવેલી પહેલ બદલ તેઓની પ્રસંશા કરીને સત્રાનું સમાપન કર્યું હતું.

"ભવિષ્યના પડકારો" અંગેના બીજા સત્રાની સહ-અધ્યક્ષતા સેક્રેટરી જનરલ, ઈન્ટરનેશનલ આઈડીઈએ અને ચૂંટણી અને રાજકીય પક્ષોના વિભાગના વડા, ચૂંટણી નિયામકની કચેરી, હેલેનિક રિપબ્લિક, ગ્રીસના ઈન્ટિરિયર મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી. આ સત્રમાં ઓસ્ટ્રેલિયન ચૂંટણી પંચ અને સીઓએમઈએલઈસી, ફિલિપાઈન્સના પ્રતિનિધિઓ તરફથી રજૂઆતો કરવામાં આવી હતી. આ સત્રમાં એવી નોંધ લેવામાં આવી હતી કે ચૂંટણી સત્તાધિકારીઓએ ડિજિટલ ટેક્નોલોજીના ઉભરતા પડકારોનો સામનો કરવા માટે ઈએમબીના મુખ્ય કાર્યોના સુચારુ સંચાલનમાં તમામ સ્તરે પરિવર્તનશીલતા લાવવાની બાબતને વેગ આપવાની જરૂર છે.

ચૂંટણી સંચાલન સંસ્થાઓની ક્ષમતા અંગેના ત્રીજા સત્રાનું અધ્યક્ષપદ આઈએફઈએસના અધ્યક્ષ અને સીઈઓ દ્વારા સંભાળવામાં આવેલ.



**મોરબી દુર્ઘટનામાં મૃત્યુ પામેલ માટેનો શોક મધુર ડેરી ના ચેરમેન શ્રી ડો. શંકરસિંહ રાણા દ્વારા રાખેલ**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.